**સુવિચાર**
પ્રત્યેક નવા દિવસનો સામનો ધીરજ, શાંતિ અને વિશ્વાસથી કરવો એનું નામ જ પરિપક્વતા.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૪/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૦૩

## મહિલાઓની સુરક્ષા સામે ખતરો અને દારૂનું દુષણ વધતા

# બગસરાનાં માવજીંજવાનાં ગામજનોમાં રોષની આંધી

**૩૦૦થી વધુ મહિલાઓ અને ભાઈઓએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું**

**સ્થાનિક પોલીસની નિષ્ક્રીયતા દૂર કરીને અસામાજિક તત્વોની રંજાડ દૂર કરવા માંગ**

**સ્થાનિક પોલીસ સ્ટેશનમાં થયેલ અરજી અને ફરિયાદ અંગે કાર્યવાહી કરવાની માંગ કરી**

**અસામાજિક પ્રવૃતિઓ ઉપર રોક લગાવવામાં ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૨

બગસરાના માવજીંજવા ગામમાં રોષની આંધી છવાઈ હતી અને સમસ્ત ગામના લોકો દ્વારા ભેગા મળીને આશરે ૩૦૦ કરતા વધારે લોકો દ્વારા મામલદાર ઓફિસ, પ્રાંત ઓફીસ તેમજ પોલિસ સ્ટેશનનો ઘેરાવ કરી રોષ વ્યકત કરી આવેદન આપવામાં આવ્યુ હતું. બગસરા પોલીસની બેદરકારીને લીધે અસામાજિક તત્વોના ત્રાસથી ગ્રામજનોએ રોષ વ્યકત કર્યો હતો અને મામલદાર ઓફિસ, પ્રાંત ઓફીસ તેમજ પોલિસ સ્ટેશનને ઘેરાવ કર્યો હતો.

બગસરા તેમજ ગ્રામ્ય પંથકમાં અસામાજિક તત્વોના ત્રાસથી લોકો દ્વારા પોલીસની નિષ્ક્રીયતા સામે આવી છે. જો આજુબાજુના ગામના લોકો દ્વારા જો આવી રીતે આવેદન આપવામાં આવશે તો લોકો કેટલા અંશે સલામત છે. જયારે માવજીંજવા ગામના લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને બગસરા પ્રાંત, મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશનનો માવજીંજવા ગામના ૩૦૦ લોકોએ ઘેરાવ કર્યો હતો. જયારે મામલતદાર કચેરીથી પોલીસ સ્ટેશન સુધી રેલી સ્વરૂપે પહોંચીને પોલીસ સ્ટેશને નાખ્યા ધામા પોલીસ સ્ટેશને અધિકારી ન આવે ત્યાં સુધી ૩૦૦ લોકોએ ધોમ ધખતા તાપમાં પોલીસ સ્ટેશનમાં જ ધામાં નાખ્યા હતા અને ગ્રામજનો દ્વારા પોલીસ સ્ટેશને અધિકારી કયાં છે તેમ પૂછતાં અધિકારી અન્ય કામગીરી અર્થે બહાર ગયા હોવાથી પીએસઓ દ્વારા આવેદન સ્વીકારી લોકોને શાંત પાડયા હતા. ગામ લોકોની આવેદન મુજબ માંગણીઓ છે કે બગસરા પોલીસ સ્ટેશન ગુનેગારોને પ્રોત્સાહન આપતા જવાબદાર અધિકારીઓ તત્કાલ ધોરણે દૂર કરવામાં આવે તેમજ મહિલાઓની સલામતી ઉપર સવાલો

અનુસંધાન પાના ૬ ઉપર

---

## જેસર પંથકનાં શ્રમિક દંપત્તિ વચ્ચે કોઈ માથાકુટ થતાં

# લીલીયાનાં કુતાણા ગામે પતિએ બોથડ પદાર્થ મારીને પત્નીની હત્યા કરતા ચકચાર

**પોલીસે ઘટના સ્થળે દોડીને આરોપી પતિની કરી અટકાયત**

અમરેલી, તા.૧૨

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના વતની અને હાલ લીલીયા તાલુકાના કુતાણા ગામે વાડીએ રહેતી અને ખેત મજૂરી કરતી પત્નિની પોતાના પતિએ સામાન્ય બાબતમાં ઝગડો કરી ગઈ કાલે સાંજે બોથડ પદાર્થના ઘા મારી કરી હત્યા કરી નાંખતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાની જાણ થતાં લીલીયા પોલીસ ઘટના સ્થળે પહોંચી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.



આ બનાવમાં પ્રાપ્ત માહિતી અનુસાર મુળ ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના મોરચપડા ગામના વતની અને હાલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના કુતાણા ગામે દિનેશભાઈ બરવાળીયા નામના ખેડૂતની વાડીએ ભાગિયુ રાખી ખેત મજૂરી કરતાં મંજુલાના હોય, ગઈ કાલે સાંજે આ મંજુલાબહેનના આગલાના ઘરના બાળ કોને પૈસા આપવા બાબતે તેણીના ઝગડો થયો હતો જેના કારણે પતિ કાનજીભાઈ સોલંકીએ ઉશ્કેરાઈ જઈ પોતાની પત્ની મંજુલાબેનને માથાના ભાગે કોદાળીનો ઘા મારી દેતા મંજુલાબહેનને ગંભીર ઈજા થતાં ત્યાં ઢળી જ પડયા હતા. આ ઘટનાની જાણ થતાં લીલીયા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને મહિલાને લીલીયા દવાખાને લઈ જતાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરતાં લીલીયા પોલીસે આરોપી કાનજી સોલંકી વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધી લીલીયા પોલીસ સ્ટેશન પીએસઆઈ એસ.આર.ગોહિલ અને તેમની ટીમ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આમ ખોબા જેવડા ગામમાં પતિએ બોથડ પદાર્થના ઘા મારી પોતાની જ પત્નીની હત્યા કરી નાંખતા ચકચાર મચી જવા પામી છે.

---

## પરશોતમભાઈ રૂપાલાનાં વિવાદાસ્પદ નિવેદનને લઈને

# સાવરકુંડલાનાં લુવારા અને ગોરડકા ગામમાં ભાજપનાં નેતાઓની પ્રવેશબંધીનાં બેનર લાગ્યા

**કરણી સેનાના રાજ શેખાવતની પાઘડી કાઢવા મુદ્દે નારાજગી**

(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના ગોરડકા અને લુવારા ગામમાં રાજકોટ બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. રાજસ્થાનથી ગુજરાત અમદાવાદ એરપોર્ટ પર આવી રહેલા રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાજ શેખાવતની પોલીસ દ્વારા અટકાયત કર્યા બાદ પાઘડી કાઢવા મુદ્દે અને

અનુસંધાન પાના ૬ ઉપર




---

## કોંગ્રેસની ન્યાય યોજનાની પત્રિકાનું વિતરણ શરૂ



રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ ધ્વારા દેશનાં યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને શ્રમિકોનાં હિતમાં જાહેર કરેલ ન્યાય યોજનાની જાણકારી ઘર–ઘરશ સુધી પહોંચી શકે તે માટે કલરફૂલ પત્રિકાનું વિતરણ શરૂ કરેલ છે. જે અંતર્ગત અમરેલી લોકસભા વિસ્તારમાં પત્રિકા ઘરે–ઘરે પહોંચે તે માટે પત્રિકાનો વિતરણ કાર્યનો પ્રારભં આજે અમરેલી ખાતેથી કરવામાં આવેલ.

---

## ઉનાળાનાં દિવસોમાં પાણી મળતું નથી

# જાફરાબાદનાં પીપળીકાંઠા વિસ્તારમાં પીવાના પાણીની તંગીથી મહિલાઓ પરેશાન

**મહિલાઓએ મામલતદારને રજૂઆત કરી**

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદનાં સામાકાંઠે આવેલ પીપળીકાંઠા વિસ્તારને પાલિકા ધ્વારા સ્વચ્છતા, દવા છંટકાવ જેવી સુવિધાઓ મળતી નથી તેવા સમયે હવે પીવાના પાણીની પણ પરેશાની ઉભી થતાં મહિલાઓમાં નારાજગીનો માહોલ ઉભો થયો છે.



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

ઉનાળાનાં કપરા દિવસો શરૂ થયા હોય, પાણીની માંગ વધતી હોય તેવા જ સમયે પાલિકા ધ્વારા પુરતા પ્રમાણમાં પાણી આપવામાં ન આવતાં મહિલાઓએ મામલતદારને રજૂઆત કરીને પાણી આપવાની માંગ કરેલ છે.

---

## મુકેશભાઈ ઉર્ફે ભોલો પાડા નામના

# લાઠીનાં યુવકે પગનાં દુઃખાવાથી કંટાળીને ગળાફાંસો ખાઈ લીધો

**અકસ્માતમાં પગમાં ઈજા થયા બાદ દુઃખાવો શરૂ થયો હતો**

અમરેલી, તા.૧૨

લાઠી ગામે બગીચા પ્લોટમાં આવેલ ખોડીયાર ચોકમાં રહેતા મુકેશભાઈ ઉર્ફે ભોલો સર્દુળ ભાઈ પાડા નામનાં ૩૬ વર્ષિય યુવકને એકાદ વર્ષ પહેલા અકસ્માત થયેલ હોય, જેમાં તેમને જમણા પગમાં ઈજા થતાં તકલીફ થયેલ હોય તેને ચાલી શકવામાં પણ મુશ્કેલી થતી હોય, તેમજ પગમાં અતિશય દુઃખાવો રહેતો હોય અને તે દુઃખાવાની દવા ચાલુ પણ હોય તેમ છતા કોઈ ફરક પડતો ન હોય જેથી કંટાળી જઈ અને તા.૧૦ ના રાત્રીના ૯ વાગ્યે પોતાના ઘરે પોતે પોતાની મેળે ચુંદડીના દુપટ્ટો વીટાળી બન્ને બાજુથી ખેચી ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
63,450/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

**જોઈએ છે**
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

### વન વિભાગે યુધ્ધનાં ધોરણે કાર્યવાહી શરૂ કરી

# રાજુલા રેન્જનાં મોટી ખેરાળી ગામે બબ્બર સિંહને પગમાં ઈજા થતાં રેસ્કયુ ઓપરેશન

### ઈજાગ્રસ્ત સિંહને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો

અમરેલી, તા.૧૨

દેશની શાનસમા એશિયાન્ટીકસિંહોએકમાત્ર ગુજરાતમાં જોવા મળી રહ્યા છે ત્યારે સિંહો માટે વનવિભાગ હંમેશા ખડેપગે રહેતું આવ્યું છે. ત્યારે શેત્રુંજી ડિવિઝનના રાજુલા રેન્જના મોટી ખેરાળી ગામે એક ઈજાગ્રસ્ત સિંહ હોવાની બાતમી વનવિભાગને મળતાં બાતમીના આધારે વનતંત્ર દ્વારા સિંહને બચાવવા માટે રેસ્કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.



શેત્રુંજી ડિવિઝનના રાજુલા રેન્જના મોટી ખેરાળી ગામે એક બબ્બર સિંહને પગના ભાગે ઈજા હોવાનું જાણવા મળતા વનવિભાગે ઈજાગ્રસ્ત સિંહની સારવાર માટે રેસ્કયું ઓપરેશન હાથ ધર્યુ હતું. ત્યારે જવલ્લેજ જોવા મળતી ઘટના વનવિભાગને જોવા મળી હતી.

સામાન્ય રીતે સિંહબાળ હંમેશા માતા સિંહણ જોડે જ રહેતું હોય છે પણ અહીંયા ઈજાગ્રસ્ત સિંહ જોડે સિંહ બાળ પણ જોવા મળ્યું હતું. પણ જો સિંહને પકડીને પાંજરે પૂરી સારવાર કરવામાં આવે તો, સિંહબાળ એકલું રહે તેવો પ્રસંગ બંને અને આવું થાય તો અન્ય સિંહો દ્વારા આ સિંહબાળને કદાચ મોતને ઘાટ ઉતારે તેવુ બની શકે. ત્યારે રાજુલા વનવિભાગ દ્વારા મોટી ખેરાળી ગામના રેવન્યુ વિસ્તારમાં બે થી ત્રણ વર્ષના આ ઈજાગ્રસ્ત નર સિંહનું રેસ્કયું ટ્રાંગ્યુલાઈજ કરીને સિંહને પાંજરે પુરવામાં આવ્યો હતો.

બે થી ત્રણ વર્ષનો બબ્બર સિંહ પાછળના જમણા પગે ઈજાગસ્ત થયો હતો સાથે સાથે તેમની સાથે રહેલા સિંહબાળને પણ પાંજરે પૂરીને ઈજાગ્રસ્ત બબ્બર સિંહ સાથે સારવાર અર્થ બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો અને સિંહને બચાવવામાં વનતંત્ર સફળ થયું હતું.

### લોકસભાની ચૂંટણીની જનતાને માહિતી મળી રહે તે માટે

# અમરેલી ખાતે મીડિયા સેન્ટર ખૂલ્લુ મુક્તાં જિલ્લા ચુંટણી અધિકારી અજય દહિયા

### ચુંટણી અધિકારી અને પત્રકારોએ સિગ્નેચર મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી થયા



અમરેલી, તા.૧૨

એપ્રિલ, ૨૦૨૪ (શુક્રવાર) ૧૪ –અમરેલી લોકસભા મતવિસ્તારની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા અમરેલી જિલ્લા સેવા સદન ખાતે ખાતે મીડિયા સેન્ટરને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલા આ મીડિયા સેન્ટરને ખુલ્લુ મૂકતી વેળાએ જિલ્લા ચૂંટણી અધિકારી અને પત્રકારો સિગ્નેચર કરી મતદાન જાગૃત્તિ અભિયાનમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારીએ મીડિયા સેન્ટરનું નિરીક્ષણ કરતા જણાવ્યુ કે, લોકસભા સામાન્ય ચૂંટણી દરમિયાન જિલ્લાના પત્રકારો અને નાગરિકોને ચૂંટણીલક્ષી વિગતો ઉપલબ્ધ કરાવવા માટે આ મીડિયા સેન્ટર શઢ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યુ કે, નાગરિકો ચૂંટણી લક્ષી કોઈ પણ પ્રકારની રજૂઆત કે ફરિયાદ ૧૯૫૦ નંબર પર ફોન કરીને ફરિયાદ નોંધાવી શકે છે. જિલ્લા ચૂંટણી તંત્રની ટીમ દ્વારા તે ફરિયાદનો ૧૦૦ મિનિટમાં નિકાલ થાય તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારીએ જિલ્લાના નાગરિકોને C-VIGIL એપનો વધુમાં વધુ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

મીડિયા સેન્ટરમાં ૧૪ –અમરેલી લોકસભા મતવિસ્તારનો ચૂંટણી કાર્યક્રમ, મતવિસ્તાર પ્રમાણે મદદનીશ ચૂંટણી અધિકારીઓની યાદી અમરેલી લોકસભા મતવિસ્તારની વર્ષ–૧૯૬૨ની સામાન્ય ચૂંટણીથી વર્ષ–૨૦૧૯ની સામાન્ય ચૂંટણી સુધીની આંકડાકીય વિગતો, અમરેલી લોકસભા મત વિસ્તારના મતદારોની સંખ્યા અને તેને લગતી યાદીઓ, ઈવીએમ, વીવીપેટ અંગે સમજણ, ચૂંટણી પંચની વિવિધ, વોટર હેલ્પલાઈન નંબર ૧૯૫૦ની માહિતી, ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૫૮૮ની વિગતો, વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે મતદારોની વોટર હેલ્પલાઈન એપના ફાયદા, સી–વિજિલ મોબાઈલ એપ્લિકેશન સહિતની તમામ બાબતોનું પેનલ દ્વારા નિદર્શન કરવામાં આવ્યું છે. આ પેનલ દ્વારા પત્રકારઓને તેમજ નાગરિકોને ચૂંટણી લક્ષી વિવિધ માહિતી મળી રહેશે.

મીડિયા સેન્ટરની સમગ્ર પેનલ તૈયાર અને સંકલન કામગીરી જિલ્લા માહિતી કચેરીના ઓપરેટર એમ.એમ. ધડુક અને ચૂંટણી શાખાના નાયબ મામલતદાર દિક્ષિતભાઈ ભોરણીયા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન જિલ્લા માહિતી કચેરીના માહિતી મદદનીશ શ્રી જે.જે. મિશ્રા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે અમરેલી જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી સક્સેના, અમરેલી જિલ્લા નાયબ માહિતી નિયામક, અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી અમરેલીના અધિકારી, કર્મયોગીઓ તેમજ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

### પાણીની લાઈન તોડી પાડવા બાબતે માથાકુટ

# બાબરાનાં કરિયાણા ગામનાં મંદિરના પુજારીને ગાળો આપી માર મારતા ફરિયાદ

### પોલીસે બે આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો

અમરેલી, તા.૧૨

બાબરા તાલુકાના કરીયાણા ગામે રહેતા મુન્નાભાઈ સોમાભાઈ ભેસજાળીયાના દિકરા જયદીપને કરીયાણા ગામે સ્વામીનારાયણ મંદીરની પાણીની લાઈન તોડી નાખવા બાબતે કરીયાણા ગામે સ્વામીનારાયણ મંદીરમાં સેવા પુજા કરતાં ધનશ્યામપ્રિયદાસજી ગુઢ લક્ષ્મી પ્રસાદ દાસજીએ ઠપકો આપતા તા.૧૧ ના રાત્રે ૮.૩૦ વાગ્યે કરીયાણા સ્વામીનારાયણ મંદીર પાસે શેરીમાં આવી આરોપી મુન્નાભાઈ સોમાભાઈ ભેસજાળીયા તથા જયદીપભાઈ મુન્નાભાઈ ભેસજાળીયાએ આ બાબતેનું મનદુઃખ રાખી પૂજારીને જેમફાવે તેમ ગાળો આપી લાકડાના ધોકા વડે વાસાના ભાગે માર મારી પૂજારીને મુંઢ ઈજા કરેલ તેમજ માથાના ભાગે લોખંડના પાઈપ વડે માર મારતા ગંભીર ઈજા કરી પુજારીને પતાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા દ્વારા

# અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસનાં પ્રમુખ તરીકે સંદિપ ધાનાણીને જવાબદારી

### જીલ્લાનાં કોંગી આગેવાનો દ્વારા આવકાર

અમરેલી, તા. ૧૨

તાજેતરમાં ચાલી રહેલ લોકસભા ચુંટણીમાં ભા.જ.પ. ને દોરવા યુવા આગેવાન સંદિપ ધાનાણીને યુવક કોંગ્રેસની જવાબદારી સોપવામાં આવી.



ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના અત્યારી મનિષ ચૌધરી તેમજ ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાંની મંજુરીથી અમરેલી જીલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે સંદિપભાઈ ધાનાણી નિમણુક કરવામાં આવી.

આ નિમણૂકને ગુજરાત વિધાસભા પુર્વ વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ સાસંદ વિરજીભાઈ ઠુંમર ઠાકરશીભાઈ મેનલીયા ટીકુભાઈ વરૂએ આ નિમણૂકને આવકારી હતી.

### અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં દીપ યજ્ઞ દ્વારા જન્મદિનની ઉજવણી





અમરેલી, તા. ૧૨

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનની પરંપરા મુજબ દર માસે જે વિદ્યાર્થીઓએ જન્મદિન આવ્યો હોય તેવી વિદ્યાર્થીઓને દીપ યજ્ઞમાં બેસાડી જન્મદિનની શુભેચ્છા પાઠવવામાં આવે છે. તે મુજબ ચાલુ મહિનામાં જન્મ તારીખ હોય તેવા કુલ ૨૧ વિદ્યાર્થીઓને પ્રાર્થના સભામાં દિવ્ય યજ્ઞમાં બેસાડી તેને જન્મદિન શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે શિવાજી મહારાજ જયંતિ હોય તેથી સંસ્થાના સંચાલક્ષી એ બાળકોને પ્રાસંગિક સંબોધન કર્યુ હતું અને ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કારલક્ષી શિક્ષણનું મૂલ્ય સમજાવ્યું હતું.

### તડીપાર થયેલ હોય છતાં દેખા દેતા

# રાજુલામાં તડીપાર થયેલ આરોપીને ઝડપવા ગયેલ પોલીસ કર્મીઓ પર થયો હુમલો

### પીઆઈ અને પોલીસ ટીમને ગાળો પણ આપી

અમરેલી, તા. ૧૨

રાજુલા ગામે મફતપરામાં વડલી રોડ ઉપર રહેતા હરસુરભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ ધાખડા નામના આરોપીને સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ રાજુલા દ્વારા હદપારી કેસ નં.૮/૨૪ તા.૫/૪/૨૪ના કામે થયેલ તડીપાર કરેલ હોય, અને આ આરોપી આ હુકમનો ભંગ કરી અથવા તો કોઈપણ સક્ષમ અધિકારીની પરવાનગી લીધા વિના રાજુલા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ પોતાના રહેણાંક મકાને આવેલ હોય જે બાતમી આધારે મળતાં તા.૧૧ ના સાંજના ૬/૪૫ વાગ્યે આરોપીને તેમના ઘરે પહોંચતા આરોપી હરસુરભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ ધાખડા બીજા આરોપી દિપકભાઈ ભરતભાઈ ધાખડા સાથે દોડી અને ભાગવા લાગતા રાજુલા પોલીસ સ્ટેશનના અના.હેડ કોન્સ. મધુભાઈ નથુભાઈ પોપટ તથા સાથેના પોલીસ કોન્સ. મહેશભાઈ બારૈયાએ આરોપીનો પીછો કરી આરોપી હરસુરભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ ધાખડાને પકડી પાડેલ હતા. એ દરમ્યાન આરોપીએ પોલીસ સાથે ઝપાઝપી કરી અને બંને પોલીસ કર્મીને શરીર મુંઢમાર મારી તથા શરીરે ઉઝરડાઓ કરી દીધા હતા. તે દરમિયાન વધારાનો પોલીસ સ્ટાફ આવી જતા આરોપીને બળ પ્રયોગ કરી પોલીસની સરકારી બોલેરો તરફ લઈ જતા હતા ત્યારે આરોપી દિપકભાઈ ભરતભાઈ ધાખડા તથા રણજીતભાઈ ભરતભાઈ ધાખડા (રહે. બંને) રાજુલાએ આરોપી હરસુરભાઈ ઉર્ફે લાલાને છોડાવવા માટે આવેલ અને આરોપીને પોલીસ પાસેથી છોડાવવા વચ્ચે પડેલ અને કહેવા લાગેલ કે તમે અમારા ભાઈને મુકી દયો, એમ કહી હાજર પોલીસ સ્ટાફ તથા પો.ઈન્સ.ને તથા તથા સમગ્ર પોલીસ સ્ટાફને આ ત્રણેય ભાઈઓ મોટા અવાજે અભદ્ર ભાષામાં ગાળો આપી તથા આરોપી હરસુરભાઈ ઉર્ફે લાલાએ પોલીસને કહેવા લાગેલ કે, તમો પોલીસે મને તડીપાર ભંગના કેસમાં પકડેલ છે, હવે તમે આવનાર ચુંટણીમાં કેવી રીતે નોકરી કરો છો, હું તમો પોલીસને જોઈ લઉ છું, મતદાન આવે ત્યાં સુધીમાં હું તમો પોલીસને ધંધે લગાડી દઈશ એવી ધમકી આપ્યાની ત્રણેય આરોપીઓ સામે રાજુલા પોલીસ સ્ટેશનના અના.હેડ કોન્સ. મધુભાઈ નથુભાઈ પોપટે ફરિયાદ નોંધાવેલ છે.

### ઉમેદવારપત્રક રજૂ કરવાનાં પ્રથમ દિવસે

# અમરેલી લોકસભા મત વિસ્તાર માટે ૧૧ વ્યકિતઓએ ૨૫ ફોર્મ ઉપાડયા

### ભાજપ, કોંગ્રેસ, બીએસપી સહિતનાં પક્ષ અને અપક્ષ દ્વારા ફોર્મ ઉપાડાયા

અમરેલી, તા. ૧૨

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ૧૪–અમરેલી લોકસભા મત વિસ્તાર માટે તા. ૧૨ એપ્રિલ ૨૦૨૪ને શુક્રવારનાં રોજ ૨૫ ફોર્મ ઉપડયા હતા. જેમાં ભાજપના બે વ્યકિતઓએ આઠ, કોંગ્રેસના બે વ્યકિતઓએ આઠ, બહુજન સમાજ પાર્ટીના એક વ્યકિતઓએ બે, રાઈટ ટુ રિકોલ પાર્ટીના એક વ્યકિતએ બે, ગ્લોબલ રિપબ્લિક પાર્ટીની એક વ્યકિતએ એક, વીરો કે વીર ઈન્ડિયન પાર્ટીના એક વ્યકિતએ એક, અપક્ષના ત્રણ વ્યકિતઓએ ત્રણ એમ ૧૧ વ્યકિતઓએ ૨૫ ફોર્મ ઉપાડયા હતા.

### ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની માંગ

# લીલીયામોટા : બૃહદગીર વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે પીવાનાં પાણીની વ્યવસ્થા કરવા માંગ

### આકરી ગરમીમાં કૃત્રિમ સ્ત્રોત ઉભા કરવા જરૂરી

લીલીયા મોટા, તા.૧૨

લીલીયા મોટા વિસ્તારમાં આવેલ બુહદ ગીર વિસ્તાર અભ્યારણમાં વન્ય પ્રાણીઓ માટે પીવાનાં પાણીના કૃત્રિમ સ્ત્રોત ઉભા કરવા માંગ ઉભી થઈ છે.

હાલ ઉનાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે. અને ગરમી ખુબજ પડવા લાગી છે. તાપમાન ૪૦ ડીગ્રી ઉપર જવા લાગ્યું છે. ત્યારે આ કાળજાળ ગરમીના પીવાનાં પાણી માટે વન્ય પ્રાણીઓ નિટતા હોય તે આવા સમયે વન વિભાગ દ્વારા પાણીના કૃત્રિમ સ્ત્રોત ઉભા કરી જુદી જુદી જગ્યાઓ ઉપર પાણીની કુંડાઓ મુકવા માટેની વ્યવસ્થા કરવી જોઈએ જેથી વન્ય પ્રાણીઓ જેમાં ખાસ કરીને સિંહ માટે આ વ્યવસ્થા કરવી જરૂરી છે. તો જંગલ ખાતાનાં અધિકારીઓ આર.એફ.ઓ. તથા ડી.એ.ફો.એ આ બાબતે સત્વરે યોગ્ય વ્યવસ્થા કરે તેવી લાગણી અને માંગણી લીલીયા તાલુકા ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલ દ્વારા કરવામાં આવી છે. તેવું તેમની યાદીમાં જણાવવામાં આવે છે.

### ભાદરડેમ નજીક દવે પરિવાર દ્વારા લીંબડાવાળા દાદાનો લોટ યોજાશે

અમરેલી, તા. ૧૨

રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના સેવાભાવી અગ્રણી, પત્રકાર જયેશભાઈ ગૌરીશંકરભાઈ દવે પરિવાર દ્વારા તા. ૧૩ને શનીવારના રોજ સુલતાનપુર જુના ભાદર ડેમ રસ્તે ભાદાણીની વાડીએ બિરાજતા લીંબડા વાળા હનુમાન દાદાની કૃપાથી લીંબડા વાળા દાદાનો મણી દો (લોટ)નું આયોજન કરેલ છે.

પટેલ સમાજ પાસે દેરડી રોડ સુલતાનપુર રોડ ખાતે સાંજે ૬ કલાકે મહાપ્રસાદ અને રાત્રે ૮–૩૦ કલાકે ભવ્ય લોકડાયરાનું આયોજન પણ કરેલ છે. જેમાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી, જયમત દવે તેમજ વિશ્વા ગઢવી સહિતના કલાકારો જમાવટ કરશે. આ કાર્યક્રમમાં પધારવા ગ્રામજનોને જયેશભાઈ દવે પરિવાર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે તેમ અરવિંદભાઈ દવેની યાદીમાં જણાવેલ.

### વેપારી પેઢીમાં કામ કરતા શખ્સનું કારસ્તાન

# અમરેલી માર્કેટયાર્ડમાં મરચાની ભારી ચોરી કરનારની પ્રવેશબંધી

### યાર્ડ ચેરમેન શૈલેષ સંઘાણીએ કરી પ્રવેશબંધી

અમરેલી, તા. ૧૨

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તા. ૩૧/૩/૨૪ને રવિવારનાં રોજ સમર્થ એન્ટરપ્રાઈઝમાં કામ કરતા નિતિન લાલજીભાઈ વીરપરાએ હરરાજીની લાઈનમાં ૧૨ ભાર મરચાની રાખીને તા. ૧/૪/૨૪નાં રોજ સવારે ૯ કલાકે કમીશન એજન્ટ સરદાર એન્ટરપ્રાઈઝવાળા ધાર્મિકભાઈને વેચાણ કરવા જણાવેલ. જે અન્વયે ધાર્મિકભાઈને શંકા જતા તેઓએ સતર્ક થઈ સંસ્થાને જાણ કરતા આ અંગે સીસીટીવી કૂટેજ તેમજ સ્થળ તપાસ કરી



નિતિન લાલજીભાઈ વીરપરાને બોલાવી પુછપરછ કરતા તેઓએ જે પેઢીમાં તેઓ નોકરી કરે છે તે સમર્થ એન્ટરપ્રાઈઝની જ મરચાની ૧૨ ભારીઓ ચોરીને હરરાજીમાં મુકેલ હોવાનો ગુનો કર્યાનું સ્વીકાર કરતા સંસ્થા ધ્વારા મરચાની ભારીઓ મુળ માલિકને પરત કરેલ તેમજ આવા ચોરીના દુષણને ડામવા માટે સંસ્થા ચેરમેન શૈલેષભાઈ સંઘાણી ધ્વારા ચોરી કરનાર શખ્સ નિતિન લાલજીભાઈ વીરપરા સામે દંડનીય કાર્યવાહીરૂપે અમરેલી મુખ્ય યાર્ડ ચોગાનમાં કાયમી પ્રવેશબંધી જાહેર કરવામાં આવેલ છે. તેમ એક અખાબર યાદીમાં માર્કેટયાર્ડના સેક્રેટરી તુષાર હપાણીએ જણાવેલ છે.

## જેસર પહોંચીને જેનીબેન ઠુંમરે પૂર્વ નાણામંત્રી સ્વ. સનતભાઈ મહેતાની જન્મભૂમિને વંદન કર્યા

# જેસર તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ આધારિત વિકાસની વિશાળ તકો : જેનીબેન ઠુંમર

**કૃષિ આધારિત વિકાસ શકય છે ત્યારે આ વિસ્તારમાં કૃષિને લગતા અભ્યાસક્રમોની શરૂઆત કરવી જરૂરી**
**પશુપાલન સાથે સંકળાયેલી બહેનોના વિકાસ માટે ખાસ સંસ્થાઓ આ વિસ્તારમાં શરૂ થાય તેની જરૂરિયાત : જેનીબેન ઠુંમર**



જેસર, તા. ૧૨

જેસર વિસ્તારના પ્રવાસે અમરેલી લોકસભાના કોંગ્રેસના મહિલા અને શિક્ષિત ઉમેદવાર જેનીબેન ઠુમ્મર લોકોના આશિર્વાદ મેળવવા ગયા હતા. ત્યારે તેમણે ગુજરાત રાજયના પૂર્વ નાણામંત્રી સ્વ. સનતભાઈ મહેતાને યાદ કરીઅનેતેમનીજન્મભૂમિનેવંદનકરીઅને મારા ચૂંટણીપ્રવાસનીશરૂઆતકરૂ છું.

જેનીબેન ઠુમ્મરે રાજુલાનો મહત્વનાં પ્રશ્ને લોકો સાથે સંવાદ કર્યો હતો તેમાં તેમણે જણાવ્યુ હતુ કે, જેસર વિસ્તારમાંમુખ્યત્વેખેતીઅનેખેતીસાથે સંકળાયેલા વ્યવસાય પર નિર્ભર આ વિસ્તાર છે. ત્યારે ખેડૂતો આધુનિક ખેતી તરફ વળે તે માટે અહીયા એગ્રીકલ્ચરને લગતા અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ તેવી અમારી માંગણી છે.

આ વિસ્તારની બહેનો મુખ્યત્વે પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલ છે. ત્યારે આ વિસ્તારના બહેનો પશુપાલન સાથે અન્ય વ્યવસાયો થકી રોજગારી મેળવી શકે તે માટે સંસ્થાઓ મારફત તાલીમ કેન્દ્રો શરૂ કરવાની અમારી માંગણી છે. જયારે કેરી પકવતા ખેડૂતો આવિસ્તારમાં અવાર-નવાર કમૌસમી વરસાદ અને આંબાના વિવિધ રોગચાળાને કારણે ઘણીવાર કેરી ખરી જાય છે અથવા પુરતુ ઉત્પાદન આપવુ નથી ત્યારે આ વિસ્તારના ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. ત્યારે તેમને વીમા કવચ હેઠળ આવરી લેવામાં આવે તેવી અમારી માંગણી છે.

જેસર તાલુકાનું મથક છે ત્યારે આ વિસ્તારમાં સારા એસ.ટી. ડેપોની આવશ્યકતા છે અને એસ.ટી. ડેપોનાં વધુ રૂટ શરૂ થાય તેવી અમારી માંગણી છે.

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યુ હતુ કે, ભાજપ સરકારે બહેનોને ૩૭૦નો ગેસનો બાટલો મળતો હતો તેનો વિરોધ કર્યો હતો આજે તે બાટલાના તેમણે ૧૧૦૦ કર્યા છે. બહુત હુઈ મહેંગાઈ કી માર કહી અને અત્યારે મોંઘવારીમાં જનતા પીસાઈ રહી છે. ખેડૂતો, મજુરો અને યુવાનો તમામ વર્ગના લોકો હેરાન છે. શિક્ષણ અને લોટ પર પણ આ સરકારે જીએસટી નાખ્યુ છે. ત્યારે લોકોને અપીલ કરવા આવ્યો છું કે જેનીબેન ઠુમ્મરે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કર્યો છે અને તે અમરેલી જિલ્લાના પ્રશ્નો સારી રીતે લોકસભામાં ઉઠાવી શકે માટે તેમને વિજય બનાવવા મતદારોને અપીલ કરૂ છું

ગારીયાધારના ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણીએ જણાવ્યુકે, આ વિસ્તારના પ્રશ્નો દિલ્હીના દરબાર સુધી પહોંચી શકે તે માટે ઈન્ડીયા ગઠબંધનના અતિ શિક્ષીત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને મત આપવા અને અપાવવા અપીલ કરૂ છુ.

આ તકે જેનીબેન સાથે પ્રવાસમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ભાવનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, ધાસભ્ય સુધીરભાઈ વાઘાણી, પી.એમ. ખેની, માજી ધારાસભ્ય પ્રવિણભાઈ રાઠોડ, દિવ્યેશભાઈ ચાવડા, ગીરીરાજસિંહ, કનુભાઈ બારૈયા, ગોવિંદભાઈ મોરડીયા, કાથડભાઈ ગોહિલ, વિહાભાઈ આહિર સરપંચ જડકલા, ઘનશ્યામભાઈ બારૈયા, મુસ્કાતભાઈ સલોત, હિંમતભાઈ ગોટી કોંગ્રેસ આગેવાન, ભનુભાઈ ગોહિલ, ઘનુભાઈ ખુમાણ, ગોબરભાઈ ગોહિલ, જસુભાઈ ખુમાણ, મધુભાઈ ખુમાણ, શિવરાજભાઈ ખુમાણ, અશોકભાઈ ખુમાણ, રામભાઈ આહિર, કથડભાઈ ગોહિલ, પદુભાઈ બાળધીયા, ઘનાભાઈ બારૈયા, નાગજીદાદા ઝાલાવડીયા, વિહાભાઈ કામળીયા, લાલજીભાઈ દુધાત, બચુભાઈ ભાલીયા, ભરતભાઈ ભાલીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલાનાં દર્દીને જરૂરી મદદ કરતાં સામાજીક કાર્યકર

સાવરકુંડલા, તા. ૧૨



સાવરકુંડલાના રેલવે સ્ટેશન રોડ, વિંઝુડા વાસમાં રહેતા મેઘવાળ વણકર સમાજના બાબુભાઈ જીવાભાઈ વિંઝુડા ઘણા સમયથી કેન્સરના અસાધ્ય રોગથી પીડિત હોય અને તબિયત વધુ બગડતા અમદાવાદ સિવિલ ખાતે સારવાર માટે ગયેલ પણ અમુક કારણોસર એમને એડમિટ કરવામાં આવેલના હતા અને એક મહિના ઉપરાંતથી સિવિલ હોસ્પિટલ સ્થિત બાપા સીતારામનો ઓટો એવી જગ્યા પર આશરો લીધેલ હતો, પતિ પત્ની બંને બહુ તકલીફથી દિવસો પસાર કરતા હતા કે આજે દાખલ કરશે કાલે દાખલ કરશે એમ કરતાં કરતાં બાબુભાઈની તબિયત અચાનક ખૂબ ખરાબ થઈ ગઈ આવા સમયે સાવરકુંડલા સામાજિક કાર્યકર અને અનુજાતિ મોરચાના મહામંત્રી લલીતભાઈ મારૂને મદદ માટે ફોન દ્વારા જાણ કરતા તેઓએ આ બાબતની ગંભીરતા લઈ અને એ જ ક્ષણે સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરી સારવાર મળે તે માટેની જાણ કરતા ધારાસભ્ય મહેશભાઈ એ દર્દીની વિગત મંગાવી અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોનો સંપર્ક કરી બાબુભાઈ વિંઝુડાને તાત્કાલિક ધોરણે એડમિટ કરી યોગ્ય સારવાર આપવાનું ચાલુ કરાવેલ, તદુપરાંત દર્દી ને કેન્સર સહાયની રકમ છેલ્લા દસ મહિનાથી મળેલ ના હોય તે બાબતની અરજ કરતા તે સહાયની રકમ પણ તેમના ખાતામાં ડિપાર્ટમેન્ટને જાણ કરી ટ્રાન્સફર કરાવવામાં આવી હતી, આવી રીતે એક ગરીબ માણસની મદદ કરી ધારાસભ્યએ આશીર્વાદ રૂપ કામ કરેલ છે.

























# વાર્તા–વૈભવ

## નજરાણું

– ડો.ચંદ્રકાન્ત મહેતા

**આવતા અંકનું ચાલુ ..**

એની સ્મરણયાત્રા શરૂ થાય છે. પોતાના પપ્પાને પાંચ પુત્રો. બાંધ્યા પગારની નોકરી અને ઘરનું પૂરું કરવાનાં ફાંફાં. એમના શેઠ અમૃતલાલે પપ્પાને બોલાવયા અને કહ્યું : ‘સાત માણસોનું પૂરું કરવાની જવાબદારી તમારે શિર છે. એનાથી ઊલટી સ્થિતી મારી છે. ભગવાને બે હાથે લક્ષ્મી આપી, પણ ખોળાનો ખૂંદનાર કે પુત્રી ન આપી. અપાર સંપતિ હોવા છતાં અમે સંતાનની ઝંખનાથી મુકત રહી શકતાં નથી. જો તમે તમારા સૌથી નાના પુત્રને દતક તરીકે મને આપો તો હું તમારો પગાર તો વધારીશ, પણ પાંચ લાખ રૂપિયા રોકડા આપીશ.’

‘સંતાનોમાં સૌથી નાનો હું ગ્રીષ્મ. પપ્પાએ મને દતક આપવા વિશે મમ્મીને પૂછયું. અમને દીકરાઓને ફાટયાં–તૂટયાં કપડાં પહેરવવાં પડતાં હતાં. મેળામાં જવાની છૂટ નહીં. મમ્મીએ પપ્પાને કહ્યું, ‘તમારા શેઠ આટલી બધી મદદ કરવા ઈચ્છતા હોય તો ગ્રીષ્મને દતક તરીકે આપવામાં વાંધો શો છે ? આપણી નજર સમક્ષ રહેશે અને એક તંવગરના પુત્ર તરીકે તેને દોમ–દોમ સાહબી મળશે. તમે કશાય કચવાટ વગર હા કહી દતકવિધાન પતાવી દો !’

ગ્રીષ્મને યાદ આવે છે : એણે મમ્મી–પપ્પા આગળ ઘણી આજીજી કરી કે ‘મને મારા ભાઈઓથી છૂટો પાડી એક અજાણ્યા કુટુંબમાં ધકેલી દો.

પણ મમ્મી–પપ્પાની આખો પર રૂપિયાનો પાટો બંધાઈ ચૂકયો હતો. તેમણે મારાં ઢદન અને કાલાવાલાની લેશમાત્ર પરવા ન કરી. અને મને અમૃતલાલ શેઠનો ડ્રાઈવર કારમાં બેસાડી શેઠને બંગલે લઈ ગયો.

શેઠે મારા ગૃહપ્રવેશ માટે બ્રાહ્મણોને બોલાવી રાખ્યા હતા. તેમણે મંત્રોચ્ચાર સાથે મારી પૂજાવિધિ કરી. શેઠાણીબાએ મારી પૂજાવિધિ કરી. શેઠબાણીએ આરતી ઉતારી અને ઓવારણાં લીધાં. બંગલા બહાર એકઠા થયેલા ભિક્ષુકોને પૈસા અને વસ્ત્રનું દાન કરવામાં આવ્યું. અભાવોની આગમાં શેકાઈ ચૂકેલા મને પણ ઘડીભર લાગ્યું કે હું સ્વર્ગમાં છું. ઘરમાં પુત્ર તરીકે મારૂં માનસન્માન બરાબર રીતે જળવાતું હતું. મને અંગ્રેજી માધ્યમની શાળામાં પહેલા ધોરણમાં દાખલ કરવામાં આવ્યો. અમૃતલાલશેઠ એટલે કે હવે મારા નવા પપ્પા શાળાને નિયમિત દાન આપતા હતા. એટલે મને શાળાએ તેડી જવા માટે શાળાના આચાર્ય જાતે આવ્યા હતા.

ધીરે ધીરે મારાં મૂળ મા બાપ અને ભાઈઓ તરફનો મોહ ઓછો થતો ગયો. મને બોલાવવામાં આવે છતાં હું તેમને મળવા જતો ન હતો. પેંડાનો સ્વાદ ચાખ્યા પછી ગોળ ખાવા કોણ જાય? હું મારા મનને સમજાવી રહ્યો હતો.

મારા આ પારાવાર સુખના દિવસો કયાં સુધી ટકશે એની મને ખબર નહોતી. હું ખુશીથી મદમાતો હતો.

ત્યાં એક દિવસ જયોતિષી અમારે ઘરે આવ્યા.શેઠાણી મમ્મીનાં જન્માક્ષર જોયા અને ગર્વભેર કહ્યું, ‘ શેઠાણી બા, મને મારા જયોતિષમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. તમારો ભાગ્ય પલટો થયો છે. અને’

જયોતિષી અટકી ગયા.

અટકી કેમ ગયા મહારાજ? જે કાંઈ હોય તે નિઃસંકોચ કહો.’ શેઠે કહ્યું.

‘તો સાંભળો, ખુશીના સમાચાર છે. શેઠાણીબાના માતા બનવાના પાકા યોગો છે. તમે કાલે જ સ્ત્રી–રોગોના કોઈ મોટા નિષ્ણાતની સલાહ હો. હું ખોટો પડું તો ફટ કહેજો.’

શેઠ–શેઠાણીના આનંદની કોઈ સીમા નહોતી. મોટી દક્ષિણા આપી જયોતિષીને વિદાય કર્યા.

‘મને કશું સમજાતું નહોતું. બીજે દિવસે શેઠ–શેઠાણી ઉર્ફે મારાં નવાં મમ્મી–પપ્પા ડોકટરને મળવા ગયાં.’

ડાકટરે મમ્મીને તપાસીને કહ્યું, અભિનંદન. તમારા જયોતિષી સાચા છે. તમે મા બનવાનાં છે.’

એમની ગેરહાજરીમાં મેં નોકરને પૂછ્યું : ‘જોશી મહારાજે એવું તે શું કહ્યું કે મમ્મી–પપ્પા ગેલમાં આવી ગયાં અને ડોકટરને મળવા ગયાં?

નોકરે કહ્યું, ‘જોશી મહારાજના કહેવા પ્રમાણે શેઠાણીબા મા બનવાનાં છે. તેઓ દીકરા કે દીકરીને જન્મ આપશે.’

‘પણ એમાં મને શો વાંધો હોઈ શકે?’ મેં પૂછ્યું.

આ સવાલ કયા વિધાન સંદર્ભે છે?

ગ્રીષ્મને વાંધો હોય એવી કોઈ વાત હજી થઈ નથી.

તમારા ભાવ ગગડી જવાના. તમે પારકા તે પારકા. જયારે દુઃખ પડે ત્યારે મને યાદ કરજો. તમારા સુખના દહાડા પૂરા થશે અને ઘરમાં માન–પાન ઘટી જશે. નોકરે કહ્યું.

અને એક વર્ષ પછી શેઠાણી મમ્મીએ પુત્રને જન્મ આપ્યો. મારા નામ સાથે મેચ થાય એ માટે મારા નવજાત ભાઈનું નામ શિશિર રાખવામાં આવ્યું.

એમ ત્રણેક વર્ષ વીતી ગયાં. હવે નવાં મમ્મી–પપ્પાને મારામાં જરા પણ રસ રહ્યો નહોતો. તેઓ આખો દિવસ શિશિરને જ લાડ લડાવતાં અને મેં ખાધું કે નહીં, હું સ્કૂલે ગયો કે નહીં તેનો મમ્મી–પપ્પામાંથી કોઈ ખ્યાલ રાખતું ન હતું. વારંવાર અપમાન, ઠપકો અને ઉપેક્ષાથી મારૂં મન દુઃખી થઈ ગયું હતું.

શેઠાણી મમ્મીનું વાત્સલ્ય હવે ક્રૂરતામાં બદલાઈ ગયું હતું. મને મળતાં સુખ સુવિધાઓમાં સંપૂર્ણ કાપ. શિશિરને પારણામાં ઝુલાવવાની જવાબદારી પણ મારે શિરે અને બાટલનું દૂધ પિવડાવવાનું કામ પણ મારૂં. કશીક ચૂક થાય તો શેઠ–શેઠાણી મારી પર તૂટી પડતાં. ક્યારેક તો મારાં મૂળ મમ્મી–પપ્પાને ગાળો દેતાં અને મને ભિખારીના છોકરા તરીકે સંબોધતા.

તેમ છતાં મેં સુખે દુઃખે સાત આઠ વર્ષ પસાર કર્યા. મારી પર ત્રાસનો પાર નહોતો. મને થયું કે હું મારાં મૂળ મા–બાપ પાસે પહોંચી જાઉં. પણ શેઠની બીકે તેઓ મને અપનાવશે કે કેમ તેની ચિંતા હતી. ડાળીથી વિખૂટું પડી ગયેલું ફૂલ ડાળીએ ફરીથી ચોંટાડી શકાતું નથી. કરમાઈ જવું એ જ તેની નિયતિ હોય છે. મને આપઘાત કરવાનું મન થતું હતું. હું ઘર છોડી નર્મદાતીરે બેઠો હતો.

સ્મરણયાત્રા તૂટી અને અજાણતાં જ ગ્રીષ્મથી ચીસ પડાઈ ગઈ!

સંન્યાસી મહારાજ દોડી આવ્યા. તેમણે ગ્રીષ્મને પોતાના ખોળામાં સુવાડયો, પાણી પાયું એટલે ગ્રીષ્મ શાંત થયો.

થોડી વાર પછી એણે પોતાના જીવનની સઘળી હકીકત સંન્યાસી મહારાજને કહી સંભળાવી અને પોતાનાં શેઠ–શેઠાણી મા–બાપને ઘેર પોતાને ન મોકલવાની વિનંતી કરી.

સંન્યાસી મહારાજ સઘળી પરિસ્થિતિ સમજી ગયા. એમણે કહ્યું :

‘બેટા, ચિંતા ન કરીશ. મને એ વાતનું દુઃખ છે કે યુવાપેઢીનાં દુઃખદર્દ સમજી એને મદદરૂપ થવાની કોઈને ફુરસદ નથી. વૃદ્ધાશ્રમોની જેમ યુવાશ્રમોની પણ જરૂર છે. એવી વિસનીય સંસ્થાઓ જે નિઃસ્વાર્થભાવે યુવાનોની સમસ્યાઓને સમજે. બેટા, તું અહીં જ રહે. સ્વાવલંબી બન, ખેતાવાડી અને ગેશાળાનું કામ સંભાળ અને હું હયાત ન હોઉં ત્યારે આ આશ્રમનો વિકાસ એવી રીતે કરજે કે તારા જેવા ઘરથી ત્રાસેલા કે જીવનથી હતાશ થયેલા યુવાનોને આશરો મળે!

ગ્રીષ્મ સંન્યાસી મહારાજની વાતો સાંભળતો ઘસઘસાટ ઊંઘી ગયો. એને લાગતું હતું કે પોતે વાત્સલ્યમય પિતાની ગોદમાં સલામત છે. **(પુર્ણ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# અમરેલીના એરોડ્રોમની કલ, આજ ઔર કલ

## ભાતીગળ સૌરાષ્ટ્ર

ઔદ્યોગિક તથા બીજા અનેક ક્ષેત્રે સૌરાષ્ટ્રનાં અન્ય જિલ્લાઓની સરખામણીમાં વધારે પછાત એવા અમરેલી જિલ્લાઓના ઓદ્યોગિક પછાતપણાનું એક કારણ ટાન્સપોટેશનની અપૂરતી સુવિધા ગણવામાં આવે છે. જિલ્લા મથક હોવા છતાં અમરેલીમાં નવી બ્રોડગેજ રેલવે લાઈન કે નથી વિમાનની સવલત. પરંતુ હવે અમરેલી શહેરના અને જિલ્લાના નસીબ ઉઘડી રહ્યા છે. વર્ષોથી આ જિલ્લાની પ્રજા જેની પ્રતિક્ષા કરી રહી છે એ અમરેલીના એરપોર્ટનું કામ પૂર્ણતાને આરે છે.વડોદરા રાજયના મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડના શાસનકાળ દરમિયાન અમરેલીમાં એરપોર્ટ બાંધવામાં આવ્યું હતું. તે સમયે અમરેલી વડોદરા સાથે વિમાની સેવાથી સંકળાયેલું હતું. એ યુગમાં વિમાન જોવા ગામના લોકો એરપોર્ટે ઉમટતા હતા. એક દિવસ રાબેતા મુજબ વિમાન ટેક–ઓફ માટે રન–વે પર આવ્યું. વિમાનના પાઈલોટ ભાટે હતાં. તેમની સાથે એક ટેકનિકલ અધિકારી હતા. વિમાનને નિહાળી રહ્યા હતા. અચાનક વિમાને તેની ઊંચાઈ ગુમાવી અને આશરે ૮૦–૯૦ ફૂટની ઊંચાઈએથી વિમાન જમીન પર પટકાયું. ટેકનિકલ અધિકારીનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજયું. જયારે પાઈલોટ ભારે ગંભીર રીતે ઘવાયા. લોકોએ ભેગા થઈને સારવાર માટે સરકારી દવાખાને પહોંચાડયા, પરંતુ સારવાર દરમિયાન જ વડોદરા રાજયના ઉચ્ચ અધિકારીના આશાસ્પદ એ પુત્રનું કરૂણ મૃત્યું થયું. આ ગોઝારો અકસ્માત પછી વિમાનનાં નિયમિત ઉડયનો બંધ કરી દેવામાં આવ્યાં હતાં. થોડો સમય ટપાલસેવા માટે વિમાનની આવ–જા ચાલુ રહી, પરંતુ આખરે તે બંધ કરી દેવામાં આવી. અમરેલીના બંધ પડેલા આ હવાઈમથક અંગે કોઈ સરકારે કયારેય ધ્યાન આપ્યું નહીં. પરિણામે હવાઈપટ્ટી ધીમે–ધીમે બગડતી ગઈ. અમરેલી શહેરના સર્વાંગી વિકાસ માટે સતત જાગૃત એવા અમરેલીના વતની સ્વ. લલિતભાઈ મહેતાએ અમરેલીના એરપોર્ટને પુનઃ શરૂ કરવા માટે ઈ.૧૯૭૧માં ગુજરાત સરકારને પત્ર પાઠવી માગણી કરી હતી. પરિણામે ૧૯૭૨માં વાયુદૂત કોર્પોરેશનના અધિકારીઓની એક ટુકડી પ્રાથમિક સર્વે કરવા અમરેલી આવી હતી. છેવટે ગુજરાત સરકારે ૭૦ લાખ રૂપિયાના ખર્ચે હવાઈ પટ્ટીની મરામત કરવાનું નકકી કર્યુ અને તેને માટે બજેટ પણ મંજૂર કર્યુ. ૧૯૯૦માં આ કામ શરૂ થયું. ૧૯૯૧માં હવાઈપટ્ટીના આધુનિકીકરણના કામનો શિલાન્યાસ વિધિ સંપન્ન થયો. અમરેલી શહેરના એરપોર્ટનું કુલ ક્ષેત્રફળ આશરે ૫૭ હેકટર છે. હવાઈપટ્ટીની લંબાઈ ૧૦૭૦ મીટરની છે. જયારે પહોળાઈ ૨૨.૫૦ મીટરની છે. હવાઈપટ્ટી બનાવવામાં નીચેના સ્તરની ૧૫૦ મી.મી.ની જાડાઈમા મેટલીંગ કરીને ઉપરના ૪૦ મી.મી. સ્તરમાં ડામર અને કોન્ક્રીટ કરવામાંઆવેલ. અમરેલી શહેર હવાઈમાર્ગે સુરત, મુંબઈ, અમદાવાદ સાથે સંકળાય એ સમયની માગ છે.

# ૧૨ – શ્યામજી કૃષ્ણ વર્મા

**જન્મ : ૦૪ ઓકટોબર, ૧૮૫૭ ,મહાપ્રયાણ : ૩૦ માર્ચ, ૧૯૩૦**

લંડનમાં ઈન્ડિયા હાઉસની સ્થાપના કરનાર શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છના માંડવીના વતની હતા. તેમનો જન્મ ૪ ઓકટોબર, ૧૮૫૭ના રોજ થયો હતો. બાળક શ્યામજીના મોઢેથી સંસ્કૃતના પાઠ સાંભળીને પ્રભાવિત થઈ ગેયલા એક શેઠ તેમને મુંબઈ ઉચ્ચ અભ્યાસ માટે લઈ ગયેલા. ત્યાંની પાઠશાળામાં શ્યામજીએ પાણિનિના વ્યાકરણથી શંકરાચાર્યના ભાષ્ય સુધીનો અભ્યાસ કર્યો. ત્યાં એક દિવસ મહર્ષિ દયાનંદ સરસ્વતી સાથે તેમનો ભેટો થઈ ગયો. દયાનંદ સરસ્વતીએ પણ તેના સંસ્કૃતના જ્ઞાનથી પ્રભાવિત થઈને કહ્યું. ‘બેટા, તું વિદેશમાં જઈને આપણી સંસ્કૃતિનું ત્યાંના લોકોને જ્ઞાન આપ.’ શ્યામજીને આ વાત બરાબર ગળે ઉતરી ગઈ. મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈને તેઓ લંડન પહોંચી ગયા. ઓકસફોર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના અધ્યાપક વિલિયમ મોનિયરના સંપર્કમાં આવ્યા. અઠવાડિયાનું સવા પાઉન્ડ વેતન સ્વીકારી તેમના સહાયક બન્યા. સંસ્કૃતની સાથે સાથે સાથે કાયદાનો અભ્યાસ કરી શ્યામજી બેરિસ્ટર થઈ સ્વદેશ પરત થયા. તેમને દીવાનપદની તક મળી. જેમાં થોડા સમય માટે એમણે ઉદેપુર અને જૂનાગઢ રાજયનું દીવાનપદ સ્વીકાર્યુ. પરંતુ ત્યાંની રાજકીય ખટપટે તેમને



આ પદ પર વધારે સમય ન રહેવા દીધા. આ સમયગાળામાં તેમનો ભેટો લોકમાન્યટિળક સાથે થયો. લોકમાન્ય ટિળકે તેમને પરદેશ જઈ ત્યાંના લોકોને ભારતની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપવાની સલાહ આપી. પત્ની ભાનુમતી સાથે પુનઃલંડન ભણી ચાલ નીકળ્યા. ત્યાં ઈન્ડિયન સોશિયલોજિસ્ટ અખબાર શરૂ કર્યુ. પછીથી તેમણે લંડનમાં ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી. વિનાયક સાવરકર, મદનલાલ ધીંગરા જેવા કેટલાય ક્રાંતિકારીઓને શિષ્યવૃતિ આપી અભ્યાસ માટે ઈંગ્લેન્ડ બોલાવ્યા. જોતજોતામાં ઈન્ડિયા હાઉસ ક્રાંતિકારી પ્રવૃતિઓનું કેન્દ્ર બની ગયું. શ્યામજીએ પોતાની બધી કમાણી આ સંસ્થા પાછળ ખર્ચી નાંખી. આ સંસ્થાના સભ્ય મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કરતાં બ્રિટિશ સરકારે ઈન્ડિયા હાઉસ બંધ કરાવી દીધું. શ્યામજી માટે લંડનમાં રેહવું દુષ્કર બની જતાં પેસિર પહોચી ગયા. ત્યાં એમને ક્રાંતિકારી સરદારસિંહ રાણા અને મેડમ કામાનો ભેટો થયો. ત્રણેએ પેરિસમાં બેઠાં બેઠાં મા ભારતીની સ્વતંત્રતાની જયોત જલતી રાખી. દરમિયાન પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળતા પેરિસમાં રહેવું પણ જોખમરૂપ બની જતાં શ્યામજી પત્ની સાથે જિનીવા પહોંચ્યા. ત્યાં એમણે અંધારી ઓરડીમાં સાવ એકલતામાં દિવસો વિતાવ્યા. સ્વદેશથી કોઈનો પત્ર પણ તેમના સુધી પહોંચી શકતો નહિ. અધૂરામાં પુરું શરીરે પણ ન સાથ આપ્યો. આંતરડાની બીમારી ઊભી થઈ. માતીભૂમિની મુકિત માટે તન, મન અને ધન સમર્પિત કરી દેનાર આ દેશભકત વતનથી હજારો માઈલ દૂર જિનીવામાં ૩૦ મી માર્ચ, ૧૯૩૦ના રોજ અવસાન પામ્યા. જિનીવાથી ૨૦૦૩માં એમના અસ્થિ વર્તમાન નરેન્દ્ર મોદી ગુજરાત–ભારતમાં લઈ આવ્યા અને કચ્છના માંડવીમાં સ્મારક બનાવી ક્રાંતિ તીર્થનું નિર્માણ પણ કર્યુ.




# શાળાએ જતાં અને આવતા

## શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

માતા–પિતાની નજર બાળકના દફતર પર હોય છે. પરંતુ શાળાએ જતાં અને આવતા જે માર્ગ પરથી એ પસાર થાય છે એના પર ભાગ્યે જ હોય છે. બાળક ચાલીને જાય, સાયકલ પર જાય, રિક્ષા કે વાનમાં જાય, સારી શાળા હોય તો સ્કૂલ બસ માં જાય, આગળ જતાં દ્રિચક્રી વાહનમાં જાય.. આ બધી વેળાએ ઘરથી શાળાની વચ્ચે બાળક કયાંય સ્ટેસન કરે છે કે નહિ તે જોવાનું રહે છે. ઘરથી શાળાની વચ્ચે અક આખું જગત આવી જાય છે અને એમાં બાળક ઘણીવાર સાચી ખોટી જગ્યાએ ઊભો રહી જતો હોય છે. એ ન જોવાનું જોય લેતો હોય છે, ન ખાવાનું ખાય લેતો હોય છે, કદીક ન રમવાનું રમી લેતો હોય છે. શાળા અને ઘર વચ્ચેના માર્ગમાંથી આડા માર્ગે ચડી ગયેલા વિદ્યાર્થીઓની સંખ્યા પણ નાની સુની નથી. માતા – પિતાએ ચુસ્ત રીતે અની ઘર – શાળા યાત્રાનું સુપરવિજન કરવું જોઈએ. જે ઉમરમાં બાળકમાં નિરક્ષિત વિવેક હોતો નથી તે ઉમરમાં તો એને તમારા માર્ગદર્શનની ખાસ જરૂર પડે છે. બાળક ની ખાવા–પીવાનું જે ટેવો છે એને મુખ્યત્વે તો ઘર અને શાળા વચ્ચેના રસ્તાએ જ ઘડેલી હોય છે, એમાંથી જે બચી જાય છે તેને પોતાનું ઉત્તમ ચારિત્ર ઘડવામાં ઘણી સરળતા રહે છે.

# ૧૫–મહેનતની મજા

નંદનવનના રાજા શેરસિંહ આજ એક વર્ષ માટે પોતાનાં સગાંસંબંધીઓને મળવા જઈ રહ્યા હતા. ઘણા સમય થયાં પોતે નંદનવનની બહાર નીકળ્યા ન હોવાથી, સગાંઓની વિનંતીને માન આપી બધાં સગાંઓને મળવા તેને ઘેર જવા તૈયાર થયા. તેના પુત્ર સામંતસિંહને શિખામણ આપતાં કહે કે, “આજથી તારે રાજનો કારભાર સંભાળવાનો છે. તને પણ અનુભવ થઈ ગયો. અઠવાડિયામાં તો શેરુએ સામંતને પોતાની જાળમાં ફસાવી લીધો. સામંત કહે કે, “ચિતન અને વિરુ તો આપણી સેવામાં હાજર જ છે. આપણે મોબાઈલમાં વધુ રમવા મળે એટલે તારે





ચિતંન અને વિરુને શિકાર કરી આપણા



થવો જોઈએ. ભવિષ્યમાં તું જ નંદનવનનો રાજા છે. સેનાપતિ ચિંતન ચિતાને અને ખાસ સલાહકાર વિરૂ વાઘને હું ભલામણ કરતો જાઊં છું કે તને કોઈ જાતની મુશ્કેલી પડવા દે. હરહંમેશાં તે તારી મદદમાં રહેશે.” મોબાઈલમાં રમત રમતાં સામંતે હા હા કર્યા કર્યુ. શેરસિંહના જવાથી સામંતને તો મોકળું મેદાન મળી ગયું. તે તો આખો દિવસ મોબાઈલમાં જ રત રહેવા લાગ્યો. ચોવીસે કલાક મોબાઈલ મોબાઈલ અને મોબાઈલ જ. એક વર્ષ માટે નંદનવનની બહાર ગયા છે તેથી તે રાજી રાજી થઈ ગયો. સામંત પાસે રોજ શેરુ આવતો અને મોબાઈલમાં નિતનવું શિખવાડતો સામંત તો શેરુ આવવાથી રાજી રાજી માટે લાવવા કહેવું જોઈએ જેથી આપણે બંને ખૂબ જ રમી શકીએ.”સામંત તરત જ તેની વાતમાં આવી ગયો. બીજા દિવસે ચિંતન અને વિરુને બોલાવીને કહે કે,“હવે તમારે બંનેએ મારા માટે શિકાર કરી લાવવાનો છે અને અહીં પહોંચાડવાનો છે. ” વિરુ અને ચિંતનને આજ્ઞાનું પાલન કર્યા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. ઘણીવાર સમજાવવાની કોશિશ કરી પણ તે એકેય વાત કાને ધરતો જ નહીં. મોબાઈલ રમતાં રમતાં જ જવાબ દેતો. દિવસો ઉપર દિવસો વિતતા ગયા. શેરુ અને સામંતને મહેનત કર્યા વર ખોરાક મળી જતો. આખો દિવસ મોબાઈલ રમવું અને ભૂખ લાગે ત્યારે જમવાનું હાજર જ હોય ! પછી બીજું શું જોઈએ ?

**બાલમિત્રો,**



સમય, આપણા જીવનનું નિવાધિક બળ હોય છે. ગમે તેવો સમય હોય ગમે તેવી પરિસ્થિતિ હોય, ગમે તેટલી ઉચ–નીચ હોય એમાં જો આપણે સાવધાન થઈ ગયો તો આપણી જીત નિશ્ચિત છે. અન્યથા હાર. તમે બધાં બાળકો ભારે હોશિયાર, ચકોર, બહાદુર છો, જીવનમાં સફળ બનવા માંગો છો તો પછી સમયને સમજી વર્તશો તો કયારેય નિરાશ નહિ થવું પડે.

થોડા દિવસોમાં તમારી વાર્ષિક પરિક્ષા પુર્ણ થશે. લગભગ દોઢ મહિનાનું વેકેશન પડશે. આ દિવસો પણ તમારા જીવન માટે મહત્વપુર્ણ છે. એ દિવસોનો સંપૂર્ણ પણે ઉપયોગ કરી કોઈ કલા હસ્તગત કરવાનો પ્રયત્ન કરજો. તમને જેનો શોખ હોય એમાં જોડજો. કલામાં પૂર્ણ થવાનો પ્રયત્ન કરજો. પછી તે સંગીત હોય, ચિત્ર હોય, રમત હોય, લેખન હોય, સ્વાસ્થ્ય હોય જે હોય તે, પણ તેમાં નિપૂર્ણ બનવાનો, થવાનો પ્રયત્ન કરજો. અભ્યાસકાળ તમારૂ વધ છે. તમે સૌ તપસ્વી છો. સમય તક છે.

# આ પક્ષીને જાણો (સંપાદક : શ્રી કાચા સાહેબ)

પૂર્વ આફ્રિકાનું શૂ–બિલ પક્ષી તેની ચાંચને કારણે ખૂબ જ જાણીતું છે. તેનું નામ પણ થોડું અજીબ લાગે છે. તેની મોટી અને પગરખાના આકારની



ચાંચને કારણે જ તેને શૂ–બિલ નામ આપવામાં આવ્યું છે. આ પક્ષીને વ્હેલહેડ તરીકે પણ ઓળખવામાં આવે છે. શૂં–બિલ પૂર્વીય આફ્રિકાની મધ્ય હદ સુધી ફેલાયેલા છે. તેમજ દક્ષિણ સુદાનથી ઝામ્બિયાના વિસ્તારામાં પણ જોવા મળે છે.લાંબા પગ અને પહોળી પાંખો ધરાવતા આ પક્ષીની ઊંચાઈ એક મીટર જેટલી હોય છે. તેના શરીર પર ભૂખરાં રંગના ભીંગડા આવેલા હોય છે તે મોટી, લાંબી અને શકિતશાળી ચાંચ ધરાવે છે. તેની ચાંચના છેડે હુક જેવી રચના હોવાથી તે તેના શિકાર પર સારી રીતે હુમલો કરી શકે. જાંબુડીયા રંગના આ પક્ષીએ સંશોધકોને બહુ જ મોટી દુવિધામાં નાખ્યા હતા. આ પક્ષીને થોડું ઘણું પેલિકન સાથે સરખાવવામાં આવતું હતું પરંતુ તેના લક્ષણો સારસ જેવા વધારે હતા. તેના માળાની રચના પરથી સારસ તેના પૂર્વજો લાગે પરંતુ તેની ગરદન અને પાંખોની રચના પેલિકન અને બગલા જેવી લાગે છે.આ પક્ષીનું વજન ૪ થી ૭ કિલોગ્રામ જેટલું હોય છે. પાંખોની લંબાઈ ૭ થી ૮ ફૂટ જેટલી હોય છે. જેવી રીતે પેલિકન પક્ષીમાં ઉપરનું જડબું મજબૂત હોય છે તેવી જ રીતે શૂ – બિલમાં નીચેનું જડબું મજબૂત હોય છે. તેના ઘેરા રંગના પગ ખૂબ જ લાંબા હોય છે. તેની લંબાઈ આશરે ૨૧.૫ સેન્ટિમીરટરથી ૨૫.૫ સેન્ટિમીટર સુધીની હોય છે. શૂ–બિલના પંજા મોટા હોય છે. જેથી તેઓ થોડા પાણીમાં પોતાનો શિકાર શોધી શકે છે. શૂ–બિલ બહુ જ ધીરે ધીરે પોતાની હિલચાલ કરે છે અને લાંબા સમય



સુધી એક જ મુદ્રામાં ઊભા રહી શકે છે. તેથી જ આ પ્રજાતિને પૂતળા જેવી પ્રજાતિ પણ કહેવામાં આવી છે. તેઓ માનવખલેલ પ્રત્યે થોડા સંવેદનશીલ હોય છે. જો તેમના વિસ્તારમાં માનવો દ્વારા ખલેલ પહોંચે તો તેઓ માળો છોડીને જતા રહે છે. તેમ છતાં શિકાર કરવા માટે તેઓ ગીચ વનસ્પતિ અને માનવ વસાહતમાં જ આવે છે. શૂ–બિલ મોટે ભાગે કાદવવાળા પાણીમાં અને એકલા શિકાર કરે છે. કયારેક તે વિસ્તારમાં વધારે શૂ–બિલ હોય તો તેઓ એકબિજાથી ઓછામાં ઓછું ૨૦ મીટરનું અંતર રાખે છે. શૂ–બિલ એક ચોરસ કિલો ચોરસ મીરટરના વિસ્તારમાં ત્રણ માળાઓ બનાવે છે. નર અને માદા બંને માળો બનાવવામાં ભાગ લે છે. તેઓ તેમના માળાના ચાર કિલોમીટર સુધીના વિસ્તારનું રક્ષણ કરે છે. માદા એક સાથે ત્રણેક જેટલા ઈંડાં મૂકે છે. ૩૦ દિવસના સેવન બાદ બચ્ચાં ઈંડામાંથી બહાર આવે છે. ૧૦૫ દિવસમાં બચ્ચાની પાંખોનો વિકાસ થાય છે અને ૧૧૨ દિવસે તે ઊડી શકે છે. તેમ છતાં મહિનાઓ સુધી માતા–પિતા પર જ આધાર રાખે છે.આ પક્ષીઓની સંખ્યા અંદાજે ૫ થી ૮ હજાર જેટલી રહી છે. મોટા ભાગના પક્ષીઓ સુદાન, યુગાન્ડા, કોન્ગો અને ઝામ્બિયાના ભીના વિસ્તારોમાં રહે છે. શૂ–બિલનો શિકાર અને તેમની વસાહતો ઓછી થવાને કારણે વસતીનું પ્રમાણ ઘટયું છે.


# મારો સાઈકલ પ્રવાસ

હેલો નમસ્તે બાળમીત્રો મારું નામ શેખવા સૂર્યાશી પ્રવીણભાઈ છે. હુ તમને મારા સાઈકલ પવાસ વિશે કહીશ. મે આર.સી.સી. માં ભાગ લીધો હતો. આર.સી.સી.નો મતલબ રૂપાયતન ક્રેડ્રેક્રૂસ મારી શાળાનું નામ રૂપાયતન દીપક હાઈસ્કૂલ શ્રીમતી.પી.એન.વોરા વિદ્યાનીક કેતન શાળા છે. તેના દ્વારા હૂં આર.સી.સી.ના પ્રવાસમાં ખોડીયાર માનાં મંદિરે ગયા હતા. પેલા અમને પ્રેવયલે બોલાવયા હતા. ત્યાંથી અમે સાઈકલ પ્રવાસમાં સાઈકલ ખોડીયારમાંના મંદિરે ગયા હતા. જયારે અમે ત્યાં પહોચ્યાં. ત્યારે અમે આખાં મંદિરના દર્શન કરયા પેલા ખોડીયારમાં, ગણેશજી શંકરભગવાન, કાલભૈરવ, શીતળામાના દર્શન કર્યા. ત્યાં હીચકા પણ હતાં. ત્યાં અમે હીચકા પણ ખાધા. થોડીવાર રહીને અમે સરની સાથે રમ્યાં. પછી અમે ગરબા, ધમાલગોટો રમયાં હતાં. અમે સરની સાથે નાસ્તો કર્યો. પછી મંદીરના પૂજારી સાથે ફોટો પડાવીને અમે કોટન મીલમાં ગયા તે કોટન મીલ ધર્મેશસરની હતી. પેલા અમે ત્યાંથી મોટી મશીનોમાં ગયા. ત્યાં અમે જોયૂં કે ગાયને ખવડાવવા ખોળ પર નીકળે છે. અમે બીજા સાઈડ તેલ નીકળે છે. પછી ત્યાંથી આગળ નીકળતા એક મોટો ટેન્ક જોયો. ધર્મેશસરે કહ્યું કે તેમાં તેલ ભરેલૂ હોય છે. પછી અમે જોયૂં કે ત્યાં મોટી મશીનમાંથી કપાસ નીકળે છે. પછી અમે એક સાઈડ બેસીને ધર્મેશ સરે આખી કોટનમીલ વીશે કહ્યું તે મીલનું નામ સૂંયાબ્રાન્ડ કપાસીયા એન્ડ મકફળ છે. પછી અમે ત્યાંથી નીકળીને પેવેલ્યે ગયાં. ત્યાં અમારો પ્રવાસ પૂરો થયો. મને આ પ્રવાસમાં ખૂબ મજા પડી અમારા રસનું નામ **શ્રી રવજીભાઈ કાચા છે.**


**–નામ : સૂર્યાશી પ્રવીણભાઈ શેખવા,ધોર : ૫ બી,શાળા: રૂપાયતન દીપક હાઈસ્કૂલ**

# વાર્તા : લોભનું ફળ

એક ગરીબ બ્રાહ્મણ હતો.



તે એક નાનકડા ઘરમાં રહેતો હતો. તેને ભગવાન શંકરની ખૂબ ભક્તિ કરી તેથી તેથી ભગવાને પ્રસન્ન થઈ ને કહ્યું, તું તારા ઘરમાં એક જાંબુના જાડ વાવજે. આજાદ પર જાંબુ થશે, તેનાથી તારી ગરમી દૂર થસે.બ્રાહ્મણે જાડ વાવ્યું. તેના પર ખૂબ જાંબુડા થયા. પરંતુ ગામના માથા ભારે માણસો તે જાંબુડા લય જતાં આથવા ચોરી જતાં અટલે બ્રાહ્મણ બિચારને કે મળતું નહિ. આથી બ્રાહ્મણે ફરી વખત ભગવાનને પ્રાર્થના કરતાં કહ્યું, પ્રભુ ! તમે મને જાંબુડાતો આપ્યા, પરંતુ મારા જેવા નિર્બળ માણસ પાસેથી બીજા માણસો તે છીનવી જાય છે, તો તેનો કઈક ઈલાજ કરો.ભગવાનને કહ્યું, હવેથી જે કોય મનુષ્ય તારી રજા સિવાય જાંબુ લેશે, તેનું નાક લાંબુ થય જશે.આ સાંભળી બ્રાહ્મણે કહ્યું, એવું થશે તો દુષ્ટની સાથે નિર્દોષ મણસો પણ તેનો ભોગ બનશે.આથી ભગવાને કહ્યું, તું તારા આંગણામાં એક બોરડીના બોર ખાવાથી વધેલુ નાક પાછું પહેલાના જેવુ થય જશે.બ્રાહ્મણ સંતોષ પામી પાછો આવ્યો અને ઘરના આગણમાં બોરડી વાવી. બોરડી ઉપર ખૂબ બોર ઊગવા માંડયા. જાંબુદ અંગે ભગવાને વરદાન આપ્યા પછી બ્રહ્મણના જાંબુડાના જાડ ઉપરથી પરાણે જાંબુડા ખાનારના નાક લાંબા થઈ જેવા લાગ્યા. લાંબા નકના કારણે તેમનો દેખાવ વિચિત્ર થઈ જતો અને બીજા માણસો તેમની હાંસી કરતાં.બ્રાહ્માણને પણ એવા પ્રચાર કરવા માંડયો કે, જાંબુડાનું જાડ તો ભગવાનને તેને આપ્યું છે અટલે તેના પરથી પોતાની રજા વગર જાંબુડા ખાનારને ભગવાન આ રીતે શિક્ષા કરે છે. આવું જાણીને જેમના નાક લાંબા થઈ જતાં તેઓ બ્રાહ્મણ પાસે આજીજી કરવા આવવા લાગ્યા અને પોતાના નાક હતા તેઓ કરી આપવા વિનંતી કરવા લાગ્યા. ઘણા માણસોને આ રીતે આવતા જોઈ બ્રાહ્મણના મનમાં લોભ જાગ્યો. હવે તે દરેક માણસ પાસેથી પૈસા લઈને જ તેમને બોર આપતો તથા તેમના નાક સરખા કરી આપતો.કહું ધન ભેગું કરવા માટે બ્રાહ્મણે એક કૃમિયો કર્યો. જાંબુડાના જાડ પાસે દરેક માણસ સહેલાઈથી પહોંચી સકે તેવો રસ્તો રાખ્યો, જયારે બોરડીના જાડ ફરથી પાકી કાંટાની વાડ કરી, પોતે તેની દેખભાળ કરવા લગ્યો.જાંબુડા ખાવા કશી રોક ટોક ન હતી. અટલે ઘણા અજાણ્યા માણસો જાંબુડા ખાતા. પરિણામે તેના નાક લાંબા થઈ જતાં અને પછી નાક સરખા કરવા બ્રાહ્મણને પૈસા આપવા પડતાં. બીજી બાજુ વરદાન આપ્યા પછી ભગવાને થયું કે, ભક્ત



વર્ડનનો કેવો ઉપયોગ કરે છે તે તેમણે જોઈએ, અટલે તે એક મુસાફરનું રૂપ લઈને બ્રહ્મણના ઘેર આવ્યા અને જાંબુડા ખાધા. જાંબુડા ખાવાથી નાક લાંબુ થઈ ગયું અટલે રડમસ ચહેરે બ્રાહ્મણની પાસે આવી, પોતાનું નાક સરખું કરી આપવા વિનંતી કરી. બ્રાહ્મણે કહ્યું, મફતમાં પાર્ક જાંબુ ખાઈ જતાં શરમ ન આવી ? હવે લેતો જા. મુસાફરે કરગરીને કહ્યું, ‘અરે, ભલા ભાઈ ! મને ખૂબ લાગી હતી તેથી મે જાંબુ ખાધા. મને અંકે પરદેશી મુસાફર થોડા જાંબુ ખાશે તેમ તેનો માલિક વાંધો લેસે નહિ. વળી આ જાંબુડાના જાડ ફરતી આડ કે વાદ નથી, જેથી કોયને ખ્યાલ પણ ન આવે કે, તે ખાનગી માલિકીનું જાડ છે, મે કાઈ બગાડ કરેલ નથી. વળી આમારા દેશમાં આવી રીતે કોય માણસ ફળના પૈસા લેતો નથી.તારી ભૂખ મતડવાનું કાઈ મારા માટે નથી, સંજીઓને ? હવે જો નાક સરખું કરવું હોય તો તારી પાસે હોય તેટલા પૈસા મિકી દે. અટલે નાક સરખું કરવાનો ઉપાય બતાવું. બ્રાહ્મણે કહ્યું. ગરીબ પ્રદેશીના પૈસા ન લોટો સારૂ. ‘મુસાફરે કહ્યું.મારે કશું સાંભળવું નથી. નાક સરખું કરવું હોય તો પૈસા મૂક, નહિતર ચાલતો થા, ‘બ્રાહ્મણે તોછડાયથી કહ્યું.મુસાફરે પોતાના ખિસ્સામાંથી કેટલાક સિક્કા કાઢી જમીન પર મુકા કહ્યું, આ પૈસા લો અને મહેરબાની કરી મા નાક સરખું કરો પેલી બોરડી પરના બે – ચાર બોરાં ખાઈ લે અટલેતારૂં નાક સરખુ થઈ જાય જશે.આમ કહીને બ્રાહ્મણે પૈસા ઉપાડયા.પરંતુ આ શું ? પૈસા ઊપડતાં પૈસા બ્રાહ્મણ હાથમાં ચોટી જ રહ્યા. બ્રાહ્મણે હાથમાંથી ઉપાડવાની ઘણી કૌશિશ કરી, પરંતુ ઉખડયાજ નહી. બ્રાહ્મણ મુંજાયો. તેણે મુસાફર તરફ જોયું તો મુસાફર બોર ખાતો હતો. બોર ખાવાથી તેનું નાક સરખું થય ગયું અટલે તેણે તેના ઢળિયાનો જાંબુડાના જાડ પર ધા કર્યો. તરત જ એક વિજળીનો કડાકો થયો અને જાંબુડાનું જાડ બળીને ભસ્મ થઈ ગયું. હાથમાં સિક્કા ચોંટી જવાથી તથા જાંબુનું જાડ ભસ્મ થઈ જવાથી બ્રાહ્મણ ચોંકયો. તેણે મુસાફર તરફ જોયું તો ત્યાં કોઈ ન હતું. માત્ર મુસાફરના સબદ માણસને સંભળાય, તારી ગરીબી દૂર કરવા માટે તને આપેલ વર્ડનનો તે દૂર ઉપયોગ કર્યો છે, જરથી હવે તું વરદાનના લાભ ને લાયક નથી. તને પૈસાની લોભ લાગ્યો છે, પણ તારા હાથ માં જેટલા પૈસા ચોંટેલા છે, તેથી વધુ પૈસા એકિ સાથે કદી તેને મળશે નહિ અને તેટલા પૈસા મેળવવા તારે કાયમ મહેનત કરવી પડશે.તે દિવસથી બ્રાહ્મણનો વૈભવ ચાલ્યો ગયો. માત્ર બોરડીના બોર તેને મળતા, પરંતુ હવે તેનું ખાસ કઈ મહત્વ ન હતું. આ રીતે લોભ કરવા જતાં બ્રાહ્મણે પ્રભુની કૃપા તથા વૈભવ ગુમાવ્યા.

## હસવાની મનાઈ છે



૧ “રહેવા માટે અમારી હોટલ સરસ જગ્યા છે.”

“તે હશે જ, તે વિના આટલા બધા માંકડ, મચ્છર, ઊંદર અહીં રહેતા હશે ?”

૨ “તમારા કાર્યાલયની બધી વસ્તુઓનો વીમો ઉતરાવ્યો છે ને ?”

“ હા, જી. ઘડીયાળનો નથી ઉતરાવ્યો. કેમકે એના ઉપર બધા કર્મચારીઓની નજર રહે છે.”

૩ “ રેડિયો, ટેલીવિઝન તમે આટલા સસ્તા વેચે છે તેથી તેમને નફો રહે છે ખરો ?”


“ હા, જી, એના રિપેરકામમાંથી અમને સારું મળી છે.”

૪ “ તમે તમારા બાબાને નખ ચાવતો કેવી રીતે બંધ કરાવ્યો ?”


“ એના દાંત જ પડાવી નાંખ્યા.”

૫ પર્વત ત્રાસ આપે છે તેના કરતાં જોડામાં ભરાઈ ગયેલી નાની કાંકરી વધુ ત્રાસ આપે છે.

## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧ માતાના વાંકથી બાળક દૂષ્ચરિત્રનો થાય છે, પિતાના દોષથી મૂર્ખ, વંશના દોષથી કાર્પણ્ય અટલે ભીરૂ, અને પોતાના દોષથી દરિદ્ર બને છે.

૨ સર્વને વંદન કરીને, સર્વના આશીર્વાદ મેળવીને ઘર છોડીને જાય તેને રસ્તામાં સંત મળે છે.

૩ કોઈ મહાપુરૂષનો હાથ મસ્તક ઉપર આવે છે ત્યારે મનના વિકારો શાંત થાય છે.

૪ માનસસેવાનો અતિ ઉત્તમ સમય સવારના ૪ થી ૫ કલાક ૪૫ મિનિટ સુધીનો છે.

૫ જપ અને ધ્યાન સાથે થતાં જોઈએ. જપ કરવા બેસો ત્યારે જે દેવનો જપ કરવો તેની મૂર્તિ ધ્યાનમાંથી ખશે છે.

૬ જ્ઞાનીઆએ, યોગીઓયે કર્મોને ક્ષય કરવા ત્રણ જન્મ તો લેવા જ પડે છે.

૭ સાધન કરે એને સિદ્ધિ મળે છે.

૮ અન્નનો આહાર કરવાથી રજો ગુણ વધે છે, ફળોનો આહાર કરવાથી શરીરમાં સત્વગુણ વડગે છે.

૯ સંયમ ધીરે ધીરે વધારો તો ભક્તિ વધશે. જેનો અકવાર ત્યાગ કરો એ વિષયમાં ફરીથી મન ઈન્દ્રિયોને જવા દેશો નહિ.

૧૦ દઢ નિશ્વિય હશે તો ભગવાન જરૂર મદદ કરશે.

## જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

(૧૭) જૈન ધર્મનાં સ્થાપક મહાવીર સ્વામીનો જન્મ કયા સ્થળે થયો હતો ? – કુંડગ્રામ

(૧૮) જૈન તીર્થકરો માં પ્રથમ તીર્થકર કોણ થઈ ગયા ?– આદિનાથ – આ થઈ ગયું છે.

(૧૯) કોનો જૈનોના મહાવ્રતોમાં સમાવેશ થતો નથી ? – ચારિત્ર્ય

(૨૦) મહાવીર સ્વામી કયા સ્થળે નિર્વાણ પામ્યા ? – પાવાપુરી

(૨૧) કલ્પસૂત્ર કયા ધર્મનો ધર્મગ્રંથ છે ? – જૈન

(૨૨) ભગવાન બુદ્ધ બીજા કયા નામે ઓળખાય છે? – તથાગત

(૨૩) ભગવાન બુદ્ધે સર્વપ્રથમ સારનાથમાં પાંચ બ્રાહ્મણોને ઉપદેશ આપ્યો હતો. આ સ્થળ બીજા કયા નામે ઓળખાય છે ?– બોધિગયા

(૨૪) ગૌતમ બુદ્ધનો જન્મ કયા સ્થળે થયો હતો ? – લુમ્બિની

(૨૫) ગૌતમ બુદ્ધનું નિર્વાણ કયા સ્થળ થયું હતું ? – કુશીનારા

(૨૬) બૌદ્ધ ધર્મનો ધર્મગ્રંથ કયો છે ? – ત્રિપિટક

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### મહિમા વધારે તે મહેમાન !

કહેવત છે – ‘મે, મેમાન ને માછલી, બીજે દિ’ થી ગંધાય ! ’ મહેમાન કલાકાર જેવા હોય છે. કેટલાક દિવ્ય આત્મા સાચા અર્થમાં ‘ અતિથિ’ હોય છે, ગમે ત્યારે ટપકી પડે ! કેટલાક મહેમાન ‘માથે પડેલા મહેમાન મૂરતિયા’ જેવા હોય છે, જે વિદાય થાય ત્યારે ઘરના સભ્યો (ખાસ કરીને મહિલાઓ...) છે, જેમના આગમનથી આનંદના ફુવારા ઊડે ને તેમની વિદાયથી ખાલીપાના વાદળ ઘેરાય !

કાઠિયાવાડમાં ઘરે મહેમાન આવે, તેને ‘ચડતી કળા’ ગણવાનો જૂનો રિવાજ છે, કાળઝાળ મોંઘવારીમાં પણ !

## ૧ – દયાળુ રાજા

ર હતું. એમાં એક દયાળુ રાજા રાજ કરતા હતા. તેનું નામ કૃષ્ણકુમારસિંહજી હતું. તેઓ રોજ વહેલી સવારે અંધારું હોય ત્યારે અને રાત્રિના સમયે સમયે છૂપા વેશે નગરના લોકો દુઃખી નથીને તેની તપાસ કરવા નીકળતા હતા. એક દિવસની વાત



છે. રાજા કૃષ્ણકુમારસિંહજી વહેલી સવારે રાબેતા મુજબ નગરના લોકોની સંભાળ લેવા નીકળ્યા હતા. તેવામાં સાત વર્ષની




છોકરી રસ્તાની ફૂટપાથ ઉપર ઊભી–ઊભી રડતી હતી. રાજાએ રડતી છોકરીને જોઈને તરત જ તેમની મોટર ઊભી અને પૂછયું : ‘કેમ રડે છે, બેટા ?’ છોકરીએ કહ્યું : ‘મારી સ્કૂલમાં પરીક્ષા છે. મારે મોડું થઈ ગયું. મારી સ્કુલ ઘોડાગાડી ગઈ.’ રાજા કૃષ્પકુમારસિંહજી એ રડતી છોકરીને પોતાની ગાડીમાં બેસાડી તેની સ્કૂલે મૂકી આવ્યાં. **૨ . ખિજાઈ શું ગયાં ?** એક વખતે એક જંગલમાં એક સિંહને ગર્વ ચઢી ગયો કે, આ જંગલનો સર્વસતાધીશ રાજા હું જ અને તેની ખાતરી કરવા તે નીકળી ગયો. સૌપ્રથમ બળદ પાસે ગયો. પછી બોલ્યો : ‘ઓ બળદ, ખોટું બળ કર નહીં. બોલ, આ જંગલમાં રાજા કોણ ?’ બળદે ધ્રૂજતાં–ધ્રૂજતાં જવાબ આપ્યો : ‘બાપુ, જંગલમાં આપના સિવાય બીજું કોણ રાજા હોઈ શકે ?’ ત્યાર બાદ સિંહ શિયાળ પાસે ગયો અને પૂછયું : ‘ઓ શિયાળ, આ જંગલનો રાજા કોણ ?’ શિયાળે સ્વસ્થતાથી જવાબ આપ્યો : ‘ બાપુ, આપ જ રાજા છો.’ આમ સિંહે જંગલમાં રહેતાં બધાં પશુ પાસે ગયો. બધેથી ઉપર પ્રમાણે જ જવાબ મળ્યા. એમ કરતાં–કરતાં એ હાથી પાસે ગયો બોલ્યો : ‘ઓ હાથી, સૂંઢ હલાવ મા. બોલ આ જંગલનો રાજા કોણ ?’ હાથી પોતની મસ્તીમાં કાન ફફડાવતો ડોલતો હતો. તેણે કશો જવાબ ન આપ્યો. આથી સિંહના ગુસ્સાનો પાર ન રહ્યો. ક્રોધ આસમાન પર ચઢી ગયો અને જોરથી ગર્જના કરી બોલ્યો : ‘કાન સૂપડા જેવા રાખે છે, ને સાંભળતો કંઈ નથી ? બોલ, આ જંગલનો હું કોણ ?’હાથીને સિંહના આવા શબ્દો સાંભળીને ગુસ્સો ચડયો અને સિંહને સૂંઢમાં પકડીને બે ખેતરવા દૂર ઘા કરી દીધો. પછી સિંહ હાથી પાસે આવ્યો અને ધીમેથી બોલ્યો : ‘ ભલા માણસ ! તમને નામ ન આવડે તો કંઈ નહીં. પણ આમ ખિજાઈ શું ગયા ?’

## યાત્રા...- ‘યાત્રિક’

**સંત એકનાથ.**


પ્રયાગથી ગંગાજળની કાવડ લઈને આવે. આ પવિત્ર જળથી રામેશ્વર મહાદેવને અભિષેક કરવાનો સંકલ્પ. ન જોયાં ટાઢ–તડકો.
ન જોઈ ભૂખ તરસ. ઘણો મારગ કાપી નાખ્યો. મારગમાં એક દહાડો ગધેડો મળ્યો. ગધેડો તે કેવો–તરત મરવાની અણી પર, ધૂળમાં આળોટે. એકનાથ તેની પાસે ગયા. ગંગાજળની કાવડ ઉતારી. પાણી કાઢીને ગધેડાને પાયું. ગધેડો ગજબનો તરસ્યો. ધીરે ધીરે આખી કાવડનું પાણી પી ગયો. આખરે તૃપ્ત થઈ, બેઠો થઈને ભૂંકતો ભૂંકતો તે ચાલ્યો ગયો. એકનાથ સાથે યાત્રિકો હતા. એ બોલ્યા : ‘ત્રિવેણીનું પાણી નકામું ગયું, ને યાત્રા અફળ થઈ !’
સંત એકનાથે કહ્યું : ‘તમે પોથી–પુરાણ સાંભળો છો. એમાં સાંભળો છો કે પ્રભુ સર્વ પ્રાણીઓમાં વસે છે, છતાં આમ કેમ બોલો છો ? મારી પૂજા તો રામેશ્વર પહોંચી ગઈ. અહીંથી મહાદેવને અભિષેક થઈ ગયો.’સુખ – દોલતભાઈ દેસાઈ શ્રીમંત માણસે કહ્યું : ‘મને સુખ લાવી દ્યો ને ?’ગુરુ કહે : ‘જરૂર.’ એ કહે : ‘ ખરેખર ? મને સુખ મળશે ?’ ગુરુ કહે : ‘હમણાં જ.’ એ પૂછે : ‘શી રીતે ?’ગુરુ બોલ્યા : ‘સુખ અહીં જ છે.’ જેટલું સુખ પાછળ દોડો તેટલું સુખ દૂર જાય. કેમકે, સુખ એ મનોસ્થિતિ છે. દુઃખ અને સુખ એ ઘટના નથી પણ, મન દ્વારા થયેલું ઘટનાનું અર્થઘટન છે. શ્રીમંત કહે : ‘પણ મને દુઃખ અનુભવવા મળે છે તેનું શું ?’ગુરુ કહે : ‘એક ઈલામ છે. ’એણે પૂછયું : ‘શો ? એથી મારું દુઃખ મટશે ?’ ગુરુ કહે : ‘ ચબરખીમાં લખેલી આ વાત વિશે હરરોજ ચિંતન કર, મનમાં ઉતાર ’ચબરખીમાં લખેલી વાત આ હતી – ‘ હે પ્રભુ ! આ જગતમાં જે કંઈ પરિવર્તન થઈ શકે એવું હોય, તે કરવાની મને શકિત દે. જે પરિવર્તન શકય નથી તે સ્વીકારવાની હિંમત આપ, ને એ બંને પરિસ્થિતિ વચ્ચેનો ફરક સમજવાની દષ્ટિ આપ !’ ત્યારે કરીશું શું ? – સ્વામી અખંડાનંદ સરસ્વતી એક બાળક હાથમાં ઉઘાડું ચાકૂ લઈને રમે છે ને તેથી એને વાગી જવાની પૂરી બીક છે. તો તેની પાસેથી ચાકૂ મુકાવી દેવા શું કરશો ? દરેક વ્યકિત આ પરિસ્થિતિમાં પોતપોતાની સમજ મુજબ પગલાં ભરશે ?. કોઈ ગુસ્સે થઈને બાળકને





: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

લાફો મારી દેશે ને એને રડાવીને પણ એની પાસેથી ચાકૂ લઈ લેશે. કોઈ વળી એને પ્રેમથી સમજાવશે કે ચાકૂ વાગી બેસે તો ખૂબ લોહી નીકળે એટલે તેણે તે
છોડી દેવું જોઈએ... આમ એને સમજાવીને ચાકૂ લઈ લેશે. કોઈઈ વળી બાળકને રમવા માટે ઘૂઘરો આપશે. ને એ ઘૂઘરામાં બાળ કનું મન પોરવાઈ જાય એટલે ધીમે રહીને પેલું ચાકૂ લઈ લેશે ને ઠેકાણે મૂકી દેશે. માનવનું મન–ચિત પણ પેલા બાળક જેવું છે. એ પણ વિષમય ધારવાળું વિષયરૂપી ઉઘાડૂં ચાકૂ લઈને સંસારમાં રમ્યા કરે છે અને તે કરતાં તેને વાગી બેસવાનો પૂરો ભય હોવાથી તેને વિષયરૂપી ચાકુથી મુકત કરવાની ખૂબ જ જરૂર છે. સંતો અને શાસ્ત્રો આ માટે ત્રણ ઉપાયો બતાવે છે : વિરોધ, નિરોધ અને અનુરોધ. વિરોધનો માર્ગ ચિતને દમનનો છે. કેટલાક સાધકો કઠીન તપસ્યાને માર્ગે ચિતને વિષયમુકત કરવા મથે છે. નિરોધનો માર્ગ જ્ઞાનનો છે. કેટલાક સાધકો જ્ઞાનોપાસના દ્વારા ચિતને વિષયમુકત થવા સમજાવે છે. ને, અનુરોધનો માર્ગ ભકિતનો છે. ભકતહદયી સાધક ચિતવૃતિને પ્રભુચરણના અનુરાગ ભણી દોરીને વિષયાનુરાગમાંથી છોડાવે છે.

આપણે પણ આપણને અનુકૂળ હોય તેવો માર્ગ શોધી લઈએ ને ચિતવૃતિને વિષયમુકત કરીએ.મૂર્તિ – વિનોબા ભાવે આજકાલ જાત્રા કરવી એ સહેલ વાત થઈ પડી છે. આ બેઠા ગાડીમાં કે ઉપડયા જાત્રાએ ! અગાઉ તો પગપાળા જવું પડતું, ચાર–છ મહિના માટે ઘર છોડવું પડતું અને તોયે કાશ્મીર જેટલે છેટેથી લોકો ગંગા નહાવા કાશી આવતા.એવા જમાનામાં એક શેઠ અડસઠ તીર્થની યાત્રાએ નીકળ્યા. આજકાલ તો કેટલાં તીર્થ છે તેનુંયે આપણને ભાન નથી હોતું ! એમની સાથે રાંધવા–સીંધવા માટે નોકર હતો. બધાં તીર્થ નાહીને, પુષ્ય કમાઈને બેય પાછા ઘેર આવ્યા. નોકરે બટાકાનું શાક બનાવ્યું. શેઠ ખાવા બેઠા તો કાંઈ દુર્ગંધ આવે, કાંઈ દુર્ગંધ આવે ! માંથુ ફાટી જાય તેવી દુર્ગંધ આવે ! શેઠ પૂછે : ‘આ શું બનાવ્યું છે ?’ નોકર કહે : ‘અરે ! આ તો બટાકાનું શાક છે. મેં એને અડસઠે તીર્થની યાત્રા આપણી સાથે કરાવી છે અને અડસઠે તીર્થમાં સ્નાન પણ કરાવ્યું છે. તમે એને ખરાબ શેના કહો છો ? અને જો અડસઠ તીર્થ નાહેલા બટાકા બગડી ગયા તો આપણી શી દશા થશે?’ ભાઈઓ, આ બધો દંભ છે. ધર્મો વિશ્વસ્ય જગત : પ્રતિષ્ઠા । આ અસ્થિર સંસારમાં ધર્મ જ સ્થિર છે. સાચો ધર્મ જયાં પ્રગટે છે ત્યાં યશ, લક્ષ્મી અને વિનય પણ પ્રગટે છે. જેનાથી ખરી શુદ્ધિ થતી હતી તેને આપણે તજયો છે અને ઉપરસચોટિયા ચીજોને ઝાલી લીધી છે. આંકડાનું જ્ઞાન કરાવવા જેમ લાકડાના મણકા બાળકને અપાય છે તેમ ધર્મનું જ્ઞાન કરાવવા મૂર્તિપૂજા છે. પણ ગણિતના ગ્રંથોને બદલે જો કોઈ મણકા જ મણકા ભેગા કર્યા કરે તો અને કેવો કહીશું ? એકાગ્રતા માટે મૂર્તિપૂજાની જરૂર પડે છે. પણ ખરેખર તો નીતિ, ધર્મ, માનવતા, સમતા વગેરે પરમેશ્વર સાચા સ્વરૂપને ફેલાવી સમાજમાંથી વિષમતાને કાઢવાની છે.




ભેડા મહુલ યોગેશભાઈ
(ધો.૬ – પાણીયા પ્રા.થમીક શાળા)

## આ મારું ચિત્ર છે




રૂપલ રસિકભાઈ ડાભી
(ધોરણ–૭– પાણિયા પ્રા.શાળા)




કિંજલ નરેશભાઈ વાઘેલા
(ધોરણ–૭– પાણીયા પ્રાથમિક શાળા)



બારીયા જીલ વિપુલભાઈ
(ધોરણ – ૭ – પાણીયા પ્રાથમિક શાળા)

# અમરેલીની બહેરા મૂંગા શાળામાં બાળકિશોર વિદ્યાર્થીઓ સમક્ષ બાળવાર્તા કથન, અભિનયસહ પ્રસ્તુતિ







ગદ્ય સેતુગ્રુપ અમરેલીદ્વારા અમરેલી ખાતે તારીખ ૧૦ એપ્રિલ ૨૦૨૪ને બુધવારના રોજ બહેરાં મૂંગા શાળામાં બાળ કિશોર વિદ્યાર્થીઓ માટે અભિનય સહ બાળવાર્તા કથનની પ્રેરક પ્રવૃત્તિ કરવામાં આવી હતી. અમરેલીના પ્રસિદ્ધ બાળસાહિત્યકાર વાસુદેવ સોઢા તથા રવજીભાઈ કાચા દ્વારા આ મૂક બધિર બાળકો સમક્ષ જાણીતી વાર્તાઓનું કથન–અભિનય સહ અને સાથે સાથે સંસ્થાના ખાસ ટ્રેનીંગ પામેલ શિક્ષક ધ્વારા એમની વિશિષ્ટ સાઈનિંગ લેન્ગવેજ મારફત વાર્તાનો ભાવ પકડી સમજાવી અલગ જ કલ્પના વિમાં લઈ ગયા હતા. આ તકે અમરેલીના જાણીતાં સર્જકો અને ગદ્યસેતુ ગ્રુપના સભ્યો પરેશ મહેતા, વર્ષાબેન જોષી આ નવતર અભિગમ સાથેના ઉપક્રમમાં સાક્ષીભાવે ખાસ હાજર રહ્યા હતા. જાણીતા વાર્તાકાર ગોરધનભાઈ ભેસાણિયા અને પરમ મિત્ર ઉદયભાઈ દેસાઈ દ્વારા ગિજુભાઈ બધેકા બાળવાર્તાકથન શ્રેણી અંતર્ગતની આ પ્રેરક અને સાર્થક પ્રવૃત્તિઓને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળા પરિવાર વતી રઘુભાઈ ભટ્ટ અને શિક્ષકગણ દ્વારા સહુનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમજ શાળાને ખાસ લાભ આપી આ નવતર અભિગમ સાથેના પ્રયોગ બદલ રાજીપો વ્યક્ત કરવામાં આવેલ. ગદ્ય સાહિત્ય સેતુ ગ્રુપના સભ્યોએ પણ અભિનંદન પાઠવ્યા હતાં.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરાનાં માવજીંજવાનાં ગામજનોમાં**

ઉઠી રહ્યાં છે તેમજ કેટલા અંશે મહિલાઓ સુરક્ષિત છે તેવા પણ સવાલો ઉઠી રહ્યાં છે. આમ પોલીસ દ્વારા દાખવેલી બેદરકારી વિરૂધ્ધ અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યાં છે. જયારે બગસરા પોલીસ સ્ટેશનમાં રહેલા ગુનેગારોને પ્રોત્સાહન આપતા જવાબદાર અધિકારીઓ સાથે કાયદેસર ખાતાકીય કાર્યવાહી કરવામાં આવે, ગ્રામ જનો આજદિન સુધીમાં આપવામાં આવેલ તમામ ફરિયાદ તથા અરજીઓનો તત્કાલ નિકાલ કરવામાં આવે તેમજ માવજીંજવા ગામની શાંતિ ડહોળવાનું કામ કરતા તમામ અસામાજિક તત્વો વિરૂધ્ધ તત્કાલ પગલાં લેવા તેમજ આ ગામની ગ્રામ પંચાયતની જમીન ઉપર ગેરકાદેસર દબાણ કરનાર વિરૂધ્ધ એફઆરઆઈ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. ગ્રામ પંચાયતની જમીન પોલીસ પ્રોટેકશન સાથે ખાલી કરવા માંગ, મહિલાઓ ઉપર કરવામાં આવતા અત્યાચાર જેવા કે છેડતી કરી રહેલા લુખ્ખાઓ ઉપર તવાઈ કરવામાં આવે જો કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નહિ આવે તો ભૂખ હડતાળ કરવામાં આવશે તેવું પણ આવેદન આપવામાં આવ્યુ હતું. જયારે માવજીંઝવા ગામે અસામાજિક તત્વો દ્વારા ખુલ્લેઆમ દારૂનું વહેંચાણ અને બહેન દીકરીઓની છેડતીને લઈને રોષભેર આવેદનપત્ર આપ્યું હતું. મામલદાર ઓફિસ તેમજ પ્રાંત ઓફીસે લોકો દ્વારા સૂત્રોચાર કરી વંદે માતરમ્‌ના નારા લગાવીને રોષ વ્યકત કરવામાં આવેલ હતો.

## કાલાવડમાં કરાયું પરશોત્તમ રુપાલાના પૂતળાનું દહન

કાલાવડ, તા.૧૨


પરશોત્ત રુપાલાની ટીપ્પણીના પગલે ગુજરાતભરમાં વિરોધ વકર્યો છે. જેના પગલે રાજ્યમાં અલગ અલગ પ્રકારે રુપાલાનો વિરોધ દર્શાવામાં આવે છે. ત્યારે જામનગર અને કાલાવડમાં સતત બીજા દિવસે ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

કાલાવડના મછલીવડ ગામમાં ક્ષત્રિયો દ્વારા રૂપાલાના પૂતળાનું દહન કરવામાં આવ્યુ છે. કાલાવડની કરણી સેનાના યુવકોએ રૂપાલા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા આ સાથે પરશોત્તમ રુપાલાનું પૂતળાનું દહન કર્યુ હતુ. રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો ભાજપને મત ન આપવાની ચીમકી પણ ઉચ્ચારી છે.બીજી તરફ ક્ષત્રિય સમાજની સંકલન સમિતિએ મોટી જાહેરાત કરી છે. તેના અનુસાર ક્ષત્રિય સમાજ તાલુકા, શહેર, જિલ્લા કક્ષાએ ભાજપ કાર્યાલય પર આવેદનપત્ર આપશે. રાજકોટ અને જામનગરમાં પોલીસના ક્ષત્રાણિ સામેના વર્તનના વિરોધમાં આવેદન આપવામાં આવશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **નેતાઓની પ્રવેશબંધીનાં બેનર લાગ્યા**

રૂપાલાના નિવેદનના કારણે ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને ગોરડકા અને લુવારા ગ્રામજનોએ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગ કરવામાં આવી હતી તેમજ રૂપાલાની ટીકીટ રદ કરવામાં નહિ આવે તો આગામી લોકસભાની ચૂંટણીનો ગોરડકા અને લુવારા ગામના સમસ્ત ગ્રામજનો ચૂંટણીનો બહિષ્કાર કરશે તેવી પણ ચીમકી આપવામાં આવી હતી. સાવરકુંડલા તાલુકામાં રૂપાલાના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં રોષનો માહોલ વધતો જતો જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લામાં આવેલ સાવરકુંડલા તાલુકાના લુવારા અને ગોરડકા ગામમાં મોડી રાતે ગ્રામજનો એકઠા થઈને પોસ્ટરો લગાવ્યા હતા. આ બંને ગામોમાં ભાજપ નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. સાવરકુંડલાના બે ગામોમાં જય ભવાની, જય રાજપુતાના નારા સાથે શેરીએ શેરીએ, બસસ્ટેન્ડ ચોક વિસ્તારમાં પોસ્ટરો લગાવી વિરોધ દર્શાવ્યો હતો. રૂપાલાની ટીપ્પણી બાદ રાજશેખવાતની અટકાયત કર્યા બાદ વધુ રોષ જોવા મળી રહ્યો છે. ગોરડકા અને લુવારા બંને ગામોમાં કાઠી ક્ષત્રિય સમાજના યુવાનોએ પોસ્ટર લગાવી વિરોધ દર્શાવ્યો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્રની સાથે અમરેલી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં રોષ વધી રહ્યો છે આગામી દિવસોમાં વધુને વધુ ઘેરા પ્રત્યાઘાતો પડી શકે છે.

## સાવરકુંડલા ખાતે મુસ્લિમ સમાજ દ્વારા ઈદે ઉલ ફિત્રની ઉજવણી

સાવરકુંડલા, તા. ૧૨

પવિત્ર રમઝાન માસના એક માસના રોજા કરીને અલ્લાહ પાકની બંદગી બાદ સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ઈદ ઉલ ફિત્રની ઉજવણી હર્ષોલ્લાસ સાથે દેશભરમાં થઈ ત્યારે સાવરકુંડલા ખાતે સવારે ૮.૩૦ કલાકે જુમ્મા મસ્જિદ ખાતેથી અલ્હાઝ સરકાર સૈયદ દાદાબાપૂ કાદરી ની આગેવાનીમાં સવારી ઈદગાહ સુધી પહોંચીને જુમ્મા મસ્જિદના પેશ ઈમામ હાફિઝ સાદિક સાહેબે ઈદ ઉલ ફિત્રની નમાજ અદા કરાવેલ હતી ને એકમાસના રમઝાન માસના રોજા રાખનારા મુસ્લિમ બાળકોને સરકાર સૈયદ દાદાબાપુ કાદરીના વરદ હસ્તે ઈનામ આપીને નવાજવામાં આવ્યા હતા ને મુસ્લિમ બિરાદરોએ અને વિદેશી વસ્તુઓનો બાયગોડ કરો અને સ્વદેશી અપનાવો તેવો નિર્ણય કરેલ અને રમજાન ઈદ ની પરસ્પર મુબારક બાદી પાઠવીને ગળે લગાવીને ઈદ ની ઉજવણી કરવામાં આવી હતી. આ વખતે ઈદગાહ પર નવનિયુક્ત સુન્ની મુસ્લિમ જમાત ના પ્રમુખ વાસુભાઈ મલેક અને ઉપપ્રમુખ ઈકબાલભાઈ ગોરી જુબેર મામદાણી, ઉસ્માન ગની, ફિરોજભાઈ આલિયાંણી, યુનુસભાઈ ખોખર, યુનુસભાઈ સવટ સાજીદ ભાઈ મીર, મુનાફભાઈ ગરિયાળા, ઈબ્રાહિમભાઈ કાલવા, ઈરફાન શેખાણી, યુસુફભાઈ આરબ વિગેરે સુન્ની મુસ્લિમ જમાતના તમામ સભ્યો એ સરાહનીય હતું

## ઉટીયા ગામે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



રાજુલા, તા. ૧૨

રાજુલા તાલુકાના ઉટીયા ગામે એક શ્રદ્ધાંજલિ નિમિત્તે મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલું સ્વ.ધાનીબેન રામભાઈ લાખણોતરાની શ્રદ્ધાંજલિ નિમિત્તે આ કેમ્પનું આયોજન એમના પરિવાર દ્વારા કરવામાં આવેલું આ મેગા કેમ્પમાં અમદાવાદની ક્યુરા હોસ્પિટલ તેમજ ઓર્થો પ્લસ હોસ્પિટલની નિષ્ણાંત ડોક્ટરોની ટીમ આવેલી રાજુલા તાલુકામાં આવી એક પ્રથમ બાબત છે કે આટલી દૂરથી આવડી મોટી હોસ્પિટલની ટીમ અને એ પણ નાના એવા ગામમાં જોકે સર્વરોગ નિદાન કે બ્લડ ડોનેશન કેમ્પ એવું તો ગ્રામ્ય વિસ્તારોમાં બનતા જ હોય છે.

અને નજીકના શહેરોમાંથી ડોક્ટરો આવતા હોય છે પરંતુ તેમના પરિવારની એક સારી ભાવના હતી કે અમારા આ કાર્યમાં સારા ડોક્ટરોને કેમ્પ યોજવો અને આવો કેમ્પ યોજવામાં આવેલ ત્યારે અમદાવાદની ક્યુરા હોસ્પિટલના ડોક્ટર પ્રતીક ઠક્કર ડોક્ટર ધ્રુવ શાહ, ડોક્ટર મેહુલ સિંધા, ડોક્ટર પ્રતીક શાહ, ડોક્ટર પાર્થિક દાદાનીયા સહિતની ટીમ આ કેમ્પમાં હાજર રહેલ આ કેમ્પ કુલ ૨૪૦ દર્દીઓ લાભ લીધેલો સાથે સાથે આ કેમ્પમાં ડોક્ટર પ્રતીક શાહ ફેફસાના નિષ્ણાત તેમજ ઘૂંટણ બદલવાના હાડકા તથા જોઈન્ટ રિપ્લેસમેન્ટના નિષ્ણાતો ડોક્ટર ખાસ હાજર રહેલા અને જેમાં ૩૫ દર્દીઓને ઓર્થોપેડિક ઓપરેશનની જરૂરિયાત હતી તેવા દર્દીઓને આ કેમ્પના આયોજકો તરફથી તદ્દન ફ્રીમાં ઓપરેશન કરાવી આપવાની ખાતરી આપેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૦ | ૧૫૭૦ |
| ૨ | તુવેર | ૧૩૧૦ | ૨૧૦૦ |
| ૩ | ઘઉં | ૪૪૦ | ૬૦૦ |
| ૪ | ચણા | ૧૧૧૫ | ૧૧૮૫ |
| ૫ | જીરૂ | ૩૯૯૦ | ૪૪૧૦ |
| ૬ | ધાણા | ૧૩૪૦ | ૧૬૬૦ |
| ૭ | મેથી | ૯૯૦ | ૧૦૩૦ |
| ૮ | રાઈ | ૯૩૦ | ૧૧૪૦ |
| ૯ | એરંડા | ૧૦૦૬ | ૧૦૯૪ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૪૫ | ૧૫૨૧ |
| ૨ | જુવાર સફેદ | ૭૦૧ | ૭૫૧ |
| ૩ | ચણા | ૧૧૪૧ | ૧૧૭૫ |
| ૪ | એરંડા | ૧૦૮૫ | ૧૧૦૦ |
| ૫ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૬૭૦ | ૨૭૪૫ |
| ૭ | ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૮ | બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| ૯ | રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| ૧૦ | સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૨ | ૧૨૦૮ |
| ૨ | શિંગ મોટી | ૧૦૬૮ | ૧૨૩૭ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૬૨૫ |
| ૪ | તલ સફેદ | ૨૪૪૫ | ૨૮૪૦ |
| ૫ | તલ કાળા | ૩૧૨૫ | ૩૨૮૫ |
| ૬ | બાજરો | ૪૫૪ | ૫૦૬ |
| ૭ | જુવાર | ૩૪૦ | ૧૦૧૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૦૫ | ૬૩૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૭૨ |
| ૧૦ | ચણા | ૯૪૦ | ૧૨૦૨ |
| ૧૧ | ચણા દેશી | ૯૦૦ | ૧૪૨૪ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૨૩૦૫ |
| ૧૩ | કપાસ | ૧૦૬૬ | ૧૫૨૮ |
| ૧૪ | એરંડા | ૧૦૦૦ | ૧૧૦૯ |
| ૧૫ | જીરૂ | ૩૫૪૦ | ૪૩૭૦ |
| ૧૬ | રાયડો | ૮૫૦ | ૯૩૫ |
| ૧૭ | રાય | ૧૦૭૦ | ૧૨૫૦ |
| ૧૮ | ધાણા | ૧૩૪૫ | ૧૮૨૫ |
| ૧૯ | ધાણી | ૧૨૫૦ | ૧૯૭૦ |
| ૨૦ | અજમા | ૨૨૦૫ | ૨૨૦૫ |
| ૨૧ | મેથી | ૯૩૦ | ૧૦૪૫ |
| ૨૨ | સોયાબીન | ૮૮૫ | ૯૧૯ |
| ૨૩ | મરચા લાંબા | ૭૦૦ | ૪૫૦૦ |
| ૨૪ | વરીયાળી | ૮૦૦ | ૧૩૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૧૧૩૬ | ૧૧૫૦ |
| ૩ | ઘઉં | ૪૫૫ | ૪૯૬ |
| ૪ | ચણા | ૧૦૨૫ | ૧૧૫૧ |
| ૫ | છોલે ચણા | ૧૪૨૧ | ૧૪૨૧ |
| ૬ | ધાણા | ૧૦૨૫ | ૧૪૨૫ |
| ૭ | તુવેર | ૧૯૦૫ | ૧૯૬૧ |
| ૮ | મેથી | ૮૪૦ | ૧૦૦૦ |
| ૯ | એરંડા | ૮૫૧ | ૧૦૮૫ |
| ૧૦ | મકાઈ | ૪૭૫ | ૪૭૫ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૧૨ | સોયાબીન | ૭૯૧ | ૮૭૦ |
| ૧૩ | જીરૂ | ૨૧૦૦ | ૪૧૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૨૧૧ |
| ૨ | શીંગ મોટી | ૯૩૦ | ૧૨૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૩૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૩૦૦ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૪૬૦૦ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૧ | ૫૫૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૫ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૦૧ |
| ૧૦ | જુવાર | ૪૫૧ | ૮૫૧ |
| ૧૧ | મકાઈ | ૫૦૩ | – |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૨ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૨૦ | ૧૪૨૧ |
| ૧૪ | તુવેર | ૧૮૦૦ | ૨૨૧૮ |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૧૪૪ |
| ૧૬ | મેથી | ૯૦૦ | ૧૧૭૪ |
| ૧૭ | રાય/રાયડો | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | ૧૭૦૧ |
| ૧૯ | સોયાબીન | ૭૫૦ | ૯૦૧ |
| ૨૦ | અજમા | ૧૫૦૦ | ૨૯૦૦ |

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **પરબતભાઈ રવજીભાઈ સેલડીયા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી જલારામનગર–૨
રે. સર્વે.નં. ૧૧૪૩ પૈકી — બીનખેતી પ્લોટ નં. ૫૧ પૈકી
જેના ચો.મી. ૯૦–૦૯
રજી. દસ્તાવેજ નં. ૧૬૪૬ — તારીખ : ૧૪/૦૫/૨૦૧૪

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) કસ્તુરબેન વિઠ્ઠલભાઈ વેકરીયા (૨) રમેશભાઈ વિઠ્ઠલભાઈ વેકરીયા (૩) રસીલાબેન વિઠ્ઠલભાઈ વેકરીયા (૪) સરોજબેન વિઠ્ઠલભાઈ વેકરીયા (૫) વસંતભાઈ વિઠ્ઠલભાઈ વેકરીયા (૬) ગીતાબેન વિઠ્ઠલભાઈ વેકરીયાનાં કુલમુખત્યાર તથા જાતે અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ વેકરીયા રહે. અમરેલીવાળા પાસેથી ઉપરોકત વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજનું કુલમુખત્યારનામું તા. ૦૪/૦૪/૨૦૧૪નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૨/૦૪/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **ચંદુભાઈ મગનભાઈ મકવાણા** રહે. લાઠીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

ઈશ્વરીયા, તા. અમરેલી નીલધારા પાર્ક
રે. સર્વે.નં. ૧૮૮/૧ પૈકી
બીનખેતી પ્લોટ નં. ૬૦ની કુલ ૧૫૪–૪૦ ચોરસ મીટર
રજી. દસ્તાવેજ નં. ૪૫૭ — તારીખ : ૦૬/૦૨/૨૦૨૦

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ વીણાબેન ચંદ્રેશકુમાર જોષીનાં કુલમુખત્યાર અને જાતે ચંદ્રેશકુમાર ચીમનલાલ જોષી પાસેથી ઉપરોકત રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજનું કુલમુખત્યારનામું તા. ૦૩/૦૨/૨૦૨૦નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૨/૦૪/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૬૫ |
| ૨ | ચણા | ૯૫૨ | ૧૧૪૨ |
| ૩ | શીંગદાણા | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ૪ | ચણા સફેદ | ૧૨૬૮ | ૧૨૬૮ |
| ૫ | ધાણા | ૧૧૨૦ | ૧૫૪૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૫૪ | ૪૯૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૦૪ |
| ૮ | જીરૂ | ૩૦૦૦ | ૩૩૦૫ |
| ૯ | મગફળી | ૯૬૦ | ૧૧૫૦ |
| ૧૦ | મેથી | ૯૬૧ | ૯૬૧ |
| ૧૧ | તુવેર | ૧૯૦૦ | ૧૯૦૫ |
| ૧૨ | એરંડી | ૯૨૫ | ૯૨૫ |
| ૧૩ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૨૪૧૫ | ૨૫૦૦ |
| ૧૫ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| ૧૭ | મકાઈ | ૪૮૦ | ૪૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૫૦ | ૧૨૩૧ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| ૩ | તલ પીળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૩ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૭૧ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૮૪૫ |
| ૮ | મકાઈ | ૪૯૧ | ૪૯૧ |
| ૯ | મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૦ | મેથી | ૭૨૫ | ૧૦૩૧ |
| ૧૧ | તુવેર | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૧૭૨ |
| ૧૩ | જીરૂ | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૧૦૬૧ |
| ૧૫ | રાય | ૮૬૦ | ૧૨૦૦ |
| ૧૬ | રાજગરો | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૫૦ | ૯૦૧ |
| ૧૮ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |

# અમરેલી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને ચુંટણીલક્ષી બેઠક યોજાઈ






અમરેલી તા.૧૨ એપ્રિલ, ૨૦૨૪ (શુક્રવાર) ૧૪–અમરેલી લોકસભા મતવિસ્તારની સામાન્ય ચૂંટણી અંતર્ગત અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના અધ્યક્ષસ્થાને અને ખર્ચ નોડલ અધિકારી પરિમલ પંડ્યા અને ખર્ચ ઓબ્ઝર્વર નિવાસુ કોલ્લીપકાની ઉપસ્થિતિમાં અમરેલી લોકસભા ચૂંટણીમાં ખર્ચને લગતી બાબતોની ફરજ સોંપવામાં આવી છે તેવાસહાયકખર્ચનોડલઅધિકારીઓને માર્ગદર્શનઆપવામાટે બેઠકયોજવામાં આવી હતી. ચૂંટણીલક્ષી કામગીરી માટેની ચૂંટણી પંચની માર્ગદર્શિકાઓ અને નિયત ફોર્મમાં ચૂંટણી લક્ષી જરૂરી વિગતોભરીતેમાટેનિયતસમયમર્યાદામાં કરવાની થતી કામગીરી વિશેસહાયકખર્ચ નોડલઅધિકારીઓનેજણાવવામાંઆવ્યું હતું. સમગ્ર બેઠકનું સંચાલન સહાયક જિલ્લાતિજોરીઅધિકારીઅનેસહાયકખર્ચ નોડલ ખાચરે કર્યુ હતુ. ખર્ચ ઓબ્ઝર્વરનું રોકાણ અમરેલી સર્કિટ હાઉસ રૂમ નં.૫ ખાતેહોયતેમનાસંપર્કમાટેટેલિફોનનંબર (૦૨૭૯૨) ૨૨૬૦૭૧, મોબાઈલ નંબર ૭૯૯૦૩ ૪૩૮૪૮ ઈ– મેઈલ એડ્રેસ amreli. expedelection2024@ gmail. com છે. ઉલ્લેખનીય છે કે, લોકસભાનીસામાન્યચૂંટણીનીમતદાન પ્રક્રિયા અંતર્ગત આગામી તા. ૦૭ મે, ૨૦૨૪ના રોજ અમરેલી લોકસભા મતવિસ્તાર માટે મતદાન થશે.

### ભાજપ અગ્રણીએ સુવિધા ઉભી કરવા માંગ કરી

## લ્યો બોલો : લીલીયા મોટાના બસ સ્ટેન્ડમાં મુસાફરો માટે પ્રાથમિક સુવિધા જ નથી

### બસ સ્ટેન્ડમાં નિયમિત સફાઈ કરવા માંગ કરી

લીલીયા મોટા, તા.૧૨

લીલીયા મોટાનું બસ સ્ટેન્ડ ઘણા વર્ષોથી બનેલું છે. જેની ઉપર ગ્રામ પંચાયત કચેરી બેસે છે. તેમજ નજીકમા તાલુકા પંચાયત કચેરી અને મામલતદાર કચેરી આવેલી છે. બસ સ્ટેન્ડમાં મુસાફરોને બેસવા માટેની વ્યવસ્થા અગવડતા વાળી છે. જેમાં લાઈટ નથી. પંખા નથી. પીવાનાં પાણી માટેની કોઈ વ્યવસ્થા નથી. પાણીનું પરબ છે. પરંતુ પાણીની વ્યવસ્થા નથી. ભુતકાળમાં આ પરબ ચાલુ હતું. હાલ બંધ છે. મુતરડી છે. પરંતુ નિયમિત સુફાઈ થતી નથી. સંડાસની



વ્યવસ્થા નથી જેથી મુસાફરોને ખુબ જ અગવડતા પડે છે.બસ સ્ટેન્ડમાં બેસવા માટેનાં બાકડાઓ ઉપર કુતરા બેસે છે. અને ખુબ જગંદકી થાય છે. મુતરડીમાં સફાઈ થતી ન હોઈ જેથી દુર્ગંધ આવે છે. આવા સંજોગોમાં મુસાફરો બિચારા શું કરે ? મુક પ્રેક્ષક બનીને જોવા કરે છે.

સતાધિશો આ બાબતમાં ગંભીરતા પુર્વક વિચારી વહેલી તકે સગવડતા ઉભી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગણી ઉભી થઈ છે. ગટરો પાણી થી ઉભરાય છે. જેથી રોગચાળાનો પણ ભય છે. બસ સ્ટેન્ડમાં નિયમીત સફાઈ જાય તે પણ જરૂરી છે. લીલીયા તાલુકાનાં ભાજપ અગ્રણી શ્રી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.

### સ્મશાન કમિટી ટ્રસ્ટ દ્વારા

## અમરેલી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ છાશ કેન્દ્રનો પ્રારંભ

### દાતાઓના સહયોથી ઉમદા સેવા કાર્ય

અમરેલી, તા.૧૨

અમરેલી સ્મશાન કમિટી ટ્રસ્ટ સંચાલિત છેલ્લા ૨૨ વર્ષથી અતિ જરૂરિયાત વાળા વિસ્તારમાં વિના મુલ્યે ઉનાળાના દિવસોમાં ચાલતા છાસ કેન્દ્રનો પ્રારંભ થયેલ આ તકે ભાગીરથીબેન સોલંકી, ડો.બી એન મહેતા, મગનભાઈ રોકડ, મંગળાબેન ગોહિલ, મુકુંદભાઈ ગઢિયા, બાબુભાઈ જાવિયા, સુરેશભાઈ સોની, ઉકાભાઈ ભડકણ, હિમતભાઈ ધાનાણી, દિનેશ ભગત, અભિયાન સેવા ટ્રસ્ટના પ્રમુખ રફીકભાઈ ચૌહાણ અંજુમભાઈ લાખાણી વગેરે જીવદયા પ્રેમીઓ હાજર રહી છાસનું લાભાર્થીઓને વિતરણ કરેલ તેમજ સાથો સાથ સક્કર ટેટી, કોબી અને કાચી કેરી આપવામાં આવેલ.

એક વૈષ્ણવ પરિવાર અને એમ. કાથરોટિયા, વિનુભાઈ ઝીઝુવાડીયા, કિન્તુભાઈ માલકાણ, હરેશભાઈ તથા ભરતભાઈ, મુકેશભાઈ પરીખ,ભાગીરથીબેન સોલંકી તેમજ વગેરે દાતાઓના સહયોગથી આ છાસ કેન્દ્ર વરસાદ આવે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવે




છે. તેમજ અમરેલીમાં ચિતલ રોડ પર ચાલતી અંધશાળાના ભાઈઓ તેમજ મણીનગર ચાલતી અંધશાળાની બહેનો તેમજ મણીનગરમાં ચાલતી મંદબુદ્ધિ છત્રાલયની બહેનો તેમજ આજુ બાજુમાં રહેતા ૩૦૦ રહી અધિક પરિવારો આ છાસ કેન્દ્રનો લાભ મેળવે છે. ડો. બી.એન. મહેતા પોતાના પ્રવચનમાં પોતે પ્રારંભથી આજ સુધી પોતે હાજરી આપ્યાનો અને છાસ વિતરણના કાર્યને બિરદાવ્યું અને સંતોષ વ્યકત કર્યો હતો. સમગ્ર સંચાલન ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ પરીખે કરેલ દાતા પરિવાર તેમજ શારીરિક શ્રમ વ્યવસ્થામાં મદદ કરનાર નો અભાર માનેલ.

### સાધુ–સંતો, વિહિપના આગેવાનોની ઉપસ્થિતિમાં

## બાબરા ખાતે આગામી ૧૭ એપ્રિલનાં ભગવાન શ્રીરામનાં જન્મોત્સવની થશે ઉજવણી

### શ્રી રામલલ્લાની ભવ્ય શોભાયાત્રા રાજમાર્ગો પર ફરશે



બાબરા, તા. ૧૨

બાબરામાં આગામી ૧૭ એપ્રિલના રોજ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન શ્રી રામ ના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે ભગવાન શ્રી રામના ભવ્ય અને દિવ્ય જન્મોત્સવ તેમજ શોભાયાત્રાના આયોજન માટે સ્થાનિક હિન્દૂ સંગઠન અને વિશ્વ હિન્દુ પરિષદ ના અગ્રણીઓ અને કાર્યકર્તાઓની એક બેઠક યોજાઈ હતી.

ભગવાન શ્રી રામના જન્મોત્સવ નિમિતે ભવ્ય શોભાયાત્રા બપોરે ૩.૩૦ કલાકે અહીં મોટા રામજી મંદિર થી પ્રસ્થાન થઈ શહેરના વિવિધ રાજમાર્ગોમાં ફરી સાંજે તાપડીયા આશ્રમ ખાતે સમાપન થશે અહીં ભગવાન શ્રી રામની મહાઆરતી સહિત ના કાર્યક્રમો યોજાશે. ભગવાન શ્રી રામની દિવ્ય શોભાયાત્રા માં મોટા રામજી મંદિર મહંત શ્રી દેવકીનદન બાપુ,તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામ દાસ બાપુ તેમજ અન્ય સાધુ સંતો અને વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓ આર એસ એસના અગ્રણીઓ અને હિન્દૂ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાશે જય શ્રી રામના જય ઘોસ સાથે સમગ્ર શહેરના રાજમાર્ગોમાં ભગવાનની શોભાયાત્રા ફરશે અને લોકો દર્શનનો લાભ મેળવશે ભગવાનની શોભાયાત્રા મોટા રામજી મંદિર થી પ્રસ્થાન થઈ શિવાજી ચોક, મર્કલ્ટાઈન બેંક. મોટા બસ સ્ટેશન

જીવનપરા ઘુડીયા પ્લોટ ચમારડી નો ઝાંપો સરદાર સર્કલ વિવેકાનંદ સ્કુલ થી અમરાપરા,અમરાપરા રામજી મંદિર, નાના બસ સ્ટેશન કલાલ ચોક કાંકરીયા ચોરા રામજી મંદિર મેઈન બજાર રામજી મંદિર કષ્ટભંજન હનુમાન દાદા પુલ નાગરીક બેંક ચોક પોલીસ સ્ટેશન થી કરીયાણા રોડ માર્કેટીંગ યાર્ડ દયરામ સર્કલ તાપડીયા આશ્રમે સમાપન થશે.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

‘ઈસ્કૂલી લાઈવ બુક’ દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ ‘ ઈસ્કૂલી’ ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...


શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પધ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in


# લીલીયા મોટા : પ્રગતિ સેવિંગ એન્ડ ક્રેડિટ કો.ઓ.સોસાયટી દ્વારા બ્રહ્મચોર્યાશીનો કાર્યક્રમ યોજાયો






લીલીયા મોટાના અંટાળળેશ્વર મહાદેવનાં સાનિધ્યમાં ભવ્ય સમારોહ યોજાયો દિલીપભાઈ સંઘાણીના ૭૦માંવર્ષનીઉજવણીનાઅંતિમચરણમાં એમના દિર્ધાયુ અને નિરામય સ્વાસ્થ્ય માટે લઘુરૂદ્ર પાઠ તથા મુત્યંજય મહામંત્રનો જાપ–યજ્ઞ તથા ભગવાન મહાદેવની પુજા અર્ચનાં અને બ્રહ્મદેવતાઓને સમુહ ભોજનનું સુંદર આયોજન થયું.આ તકે દિલીપભાઈ સંઘાણી, સાંસદ નારણભાઈ કાછડિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ભાજપના લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ ડો.કાનાબાર અને લીલીયા તાલુકાના સામાજીક, સહકારી અને રાજકિય આગેવાનોની સાથે તાલુકાનો સમગ્ર બ્રહ્મ સમાજ હાજર રહયો. ટીમ પ્રગતિના પ્રકાશભાઈએ સ્વાગત પ્રવચન કરેલ અને સમગ્ર બોર્ડ વતી ભાવેશભાઈ રાદડિયાએ વર્ષ દરમિયાન કરેલ પ્રવૃતિની ઝાંખી કરાવી દિલીપભાઈ માટેની કૃતજ્ઞતા વ્યકત કરી,દિલીપભાઈએ ટીમ પ્રગતિને અભિનંદન આપી આભાર પણ વ્યકત કયો હતો.કાર્યક્રમને સફળ બનાવવા પ્રગતિ ક્રેડિટના ડિરેકટર ભુપતભાઈ ધામત, રમેશભાઈ ભાલાળા, તુષારભાઈ ધોરાજીયા, ભરતભાઈ ગરણીયા, ભનુભાઈ ડાભી, વિપુલભાઈ દુધાત, ત્રિકમભાઈ શીંગાળા, ડો.કુંભાણી સાહેબ તથા પ્રગતિના સ્ટાફે જહેમત ઉઠાવેલ તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે

## ભાજપનાં કદાવર નેતા પરશોતમભાઈ રૂપાલાનાં વિવાદાસ્પદ નિવેદનનાં વિરોધમાં

# રાજુલા અને ધારી ખાતે કાઠી ક્ષત્રિય સમાજે આવેદનપત્ર પાઠવ્યું

**રજવાડાઓએ સરદાર પટેલનાં એક અવાજ ઉપર તેમના રજવાડા અખંડ ભારત માટે દેશને અર્પણ કર્યા હોય તેમનું અપમાન યોગ્ય નથી**

**રૂપાલાની રાજકોટ લોકસભાની ટિકિટ ભાજપ હાઈકમાન્ડ રદ કરે તેવી માંગ કરવામાં આવી**

**ક્ષત્રિય સમાજે રૂપાલાનાં વિવાદાસ્પદ નિવેદનની તટસ્થ તપાસ કરવાની પણ માંગ કરી**

**રાજુલા, જાફરાબાદ અને ધારી પંથકમાં મોટી સંખ્યામાં કાઠી ક્ષત્રિય સમાજનાં આગેવાનો જોડાયા**







અમરેલી, તા. ૧૨

રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર અને પરશોતમભાઈ રૂપાલાએ એક કાર્યક્રમમાં દેશનાં રજવાડાઓ વિરૂધ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરેલ અને જેમાં રજવાડાનું અપમાન કર્યાનો વિડીયો વાયરલ થયા બાદ રાજકોટ ઉપરાંત સમગ્ર ગુજરાત અને દેશનાં ક્ષત્રિય સમાજમાં રોષનો માહોલ ઉભો થયો છે.

દરમિયાનમાં આજે રાજુલા ખાતે રાજુલા-જાફરાબાદ પંથકનાં કાઠી ક્ષત્રિય સમાજે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને પરશોતમભાઈ રૂપાલાની ટિકિટ કાપવાની માંગ કરેલ છે.

બીજી તરફ ધારી પ્રાંત અધિકારીને પણ ધારી પંથકનાં કાઠી ક્ષત્રિય સમાજે આવેદનપત્ર પાઠવીને પરોશોતભાઈ રૂપાલાની ટિકિટ કાપવાની અને સમગ્ર ટિપ્પણીની તટસ્થ તપાસ કરવાની માંગ કરેલ છે.

### રાજકોટમાં પત્રકાર પરિષદ યોજીને

# અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજનાં આગેવાનોએ રૂપાલાને સમર્થન જાહેર કર્યુ

**કાઠી ક્ષત્રિય સમાજે ભાજપને પણ સમર્થન જાહેર કર્યુ**

અમરેલી, તા. ૧૨

રાજકોટ ખાતે પત્રકાર પરિષદ યોજીને અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજનાં આગેવાનોએ ભાજપનાં લોકસભાનાં ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા સહિત ભાજપનાં તમામ ઉમેદવારોને સમર્થન જાહેર કરેલ છે.



રાજકોટ બેઠકમાં ભાજપનાં ઉમેદવાર રૂપાલાનાં વિવાદાસ્પદ નિવેદનને લઈને ઠેકઠેકાણે વિરોધ વ્યકત થઈ રહ્યો છે. ત્યારે અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજનાં પ્રમુખ મુન્નાભાઈ વિંછીયા, રામકુભાઈ ખાચર, રાજુભાઈ ધાધલ, ભૂપતભાઈ ખાચર અને અશોકભાઈ ધાધલે પત્રકાર પરિષદ યોજીને સમર્થન જાહેર કરેલ છે.








## જોઈએ છે

કોમ્પ્યુટર ઓપરેટર......................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી

ઓફિસબોય.............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યક્તિઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦


''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.














*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)